સુવિચાર
જીભને ટૂંકી કરનાર હદયને વિસારી શકે છે. જીભમાં હાડકા ન હોવા છતાં હાડકા ભાંગી શકે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૬/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૧૬૩

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રિ નિદાન... ફ્રિ નિદાન... ફ્રિ નિદાન...
પથરી - પ્રોસ્ટેટ - કીડની ની તકલીફ ?
તારીખ : ૨૨/૦૬/૨૦૨૪, શનિવાર,
સમય : સવારે ૧૧:૦૦ થી ૨:૦૦
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
ડૉ. જય માંડડીયા યુરોલોજીસ્ટ
નોંધ : ૧) હોસ્પીટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
૨) જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## સમગ્ર વિશ્વ યોગમય બન્યુ છે, યોગ એ પ્રાચીન ૠષિ પરંપરાની અમૂલ્ય ભેટ : વેકરિયા

# અમરેલી ખાતે મનોરમ્ય વાતાવરણમાં યોગદિનની ઉજવણી

**મોટી સંખ્યામાં નાગરિકો યોગ દિનની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયા**

**જિલ્લાનાં પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ પણ યોગ દિનની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા**

**વ્હેલી સવારે ઠંડકભર્યા વાતાવરણમાં સૌ કોઈએ 'યોગ' કરી ખૂશી વ્યકત કરી**

**જિલ્લા કલેકટર અજય દહિયા, ડીડીઓ પરિમલ પંડયા પણ જોડાયા**



અમરેલી, તા. ૨૧

ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે, મનઉપ્રશમનોપાયો યોગ ઈત્યમિધીયતે અર્થાત મનને પ્રસન્ન રાખવા માટે યોગ જરૂરી છે. 'યોગઃ કર્મસુ કૌશલમ' સૂત્રમાં કર્મયોગનું ચિંતન રજૂ થયું છે. યોગ એ આપણી પ્રાચીન ૠષિ પરંપરાની અમૂલ્ય ભેટ છે સાથે યોગ થકી શરીર અને આત્માનું જોડાણ શકય બને છે.

૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ સાથે અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મનોરમ્ય વાતાવરણમાં જિલ્લાકક્ષાની ઉજવણી સંપન્ન થઈ હતી. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં બનાસકાંઠાના નડાબેટ ખાતે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, અધિકારી-કર્મચારીઓ, જિલ્લાના સૌ નાગરિકો, ડિસ્ટ્રીકટ લેવલ

અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, શિવમ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૫૯૦૨

### કાળઝાળ મોંઘવારી સતત વધતી હોય ગરીબ અને મધ્યમવર્ગ મુશ્કેલીમાં

# અમરેલીમાં વરસાદ ખેંચાતા શાકભાજીનાં ભાવો આસમાને પહોંચતા ગૃહિણીઓ પરેશાન થઈ

**શાકભાજીની સાથે કઠોળનાં ભાવમાં પણ સતત વધારો**



અમરેલી, તા. ૨૧

સૌરાષ્ટ્રમાં વરસાદ સામાન્ય દિવસો કરતાં મોડો થવાના એંધાણના પગલે શાકભાજી તથા કઠોળના ભાવ આસમાને પહોંચતા ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોને ઘરના બે છેડા ભેગા કરવામાં ભારે મુશ્કેલીઓ અનુભવી રહયા છે. ત્યારે ગૃહિણીઓના રસોડોનું બજેટ વિખરાય જવા પામેલ છે.

અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસ વીતી જવા છતાં વાવણી લાયક વરસાદ નહીં પડતાં મોંઘવારી સટાસટ વધી જતાં લોકોના માથામાં ચિંતાની લાગણીઓ જોવા મળી રહી છે.

અમરેલીમાં ઉનાળાની

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,190/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૭૧૪૦૦૦

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# અમરેલી જિલ્લા સૈનિક બોર્ડની બેઠક કલેકટરની અધ્યક્ષતામાં સંપન્ન







જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં જિલ્લા સૈનિક બોર્ડની બીજી ત્રિમાસિક બેઠક જિલ્લા સેવાસદનઅમરેલીકલેક્ટરઓફિસખાતે યોજાઇ હતી. કલેકટર અધ્યક્ષ જિલ્લા સૈનિક બોર્ડ અમરેલી નાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, કાર્યપાલક ઈજનેરનાં પ્રતિનિધિ, માનનીય જિલ્લા પોલીસ અધિક્ષકનાં પ્રતિનિધિ, જિલ્લા રોજગાર અધિકારી, સભ્ય સચિવ પી.આર.ઓ કલેક્ટર ઓફિસ તથા હોમ શાખા નાયબ મામલતદા,રેકર્ડશાખાનાયબમામલતદાર અને અન્ય કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા.સૈનિકોઅનેભૂતપૂર્વસૈનિકોનાંપ્રશ્નોની રજૂઆત સાંભળવા તથા કાર્યવાહીનાં અવલોકન માટે અમરેલી જિલ્લાનાં પ્રતિષ્ઠિતનાગરિકહોદ્દેદારઓઉપસ્થિત રહ્યા હતા. રવિરાજભાઈ શેખવા પ્રમુખ અશ્વમેઘ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, દિનેશભાઈ ભુવાઓનરશીતલકુલપ્રોડક્ટ લિમિટેડ (શીતલ આઈસ્ક્રીમ અમરેલી) રોહિતભાઈ નરસિંહભાઈ ચોવટીયા ગ્રુપ ઓફ સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ, ધવલભાઈ કાબરીયાશ્રીજીસિમેન્ટપ્રોડક્ટ્સઉપસ્થિત રહ્યા હતા. તેમજ સૈનિક હોદ્દેદારો તરીકે હરેશભાઈ ધાધલ સરપંચ વાંકીયા, હરેશભાઈ તિતોષા ઉપ–પ્રમુખ ડિફેન્સ વેટરન્સ ઓર્ગેનાઈઝેશન અમરેલી હિંમતભાઈ મકવાણા જિલ્લા સેક્રેટરી સૈનિક સંગઠન ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ડોક્યુમેન્ટસ પરિપત્રોની વ્યવસ્થા હિતેશભાઈ મોભ દ્વારા કરવામાં આવી હતી. તમામ પ્રશ્નોનાં નિરાકરણ માટે સૈનિક બોર્ડ દ્વારા ત્વરિત કાર્યવાહી થઈ. સમગ્ર બેઠકનુ સંચાલન પ્રમુખરક્ષાવિશેષજ્ઞ સંસ્થાનભારતનાં તઢણ ભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.

### પ્રેમ સબંધની જાણ પરિવારને થતાં માથાકૂટ

## લાઠીના ઝરખીયાં ગામે પ્રેમ સબંધને લઈ બાબતે સામસામી મારામારી

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૨૧

આજથી આશરે એકાદ વર્ષ પહેલા લાઠી તાલુકાનાં જરખીયા ગામે રહેતા સાગરભાઈ જગાભાઈ ચારોલીયા નામનાં યુવકની બહેનને અમરેલીના, સાવરકુંડલા રોડ, લીલાનગર પાણીની ટાંકી પાસે રહેતા આરોપી પ્રવિણભાઈ છગનભાઈ સાથે પ્રેમસંબંધ હોય, જે અંગેની જાણ યુવકનાં ઘરનાં સભ્યોને થઈ જત, યુવક તથા આરોપીઓના પરીવારના સભ્યોને વચ્ચે બોલાચાલી અને તકરાર થયેલ હોય, જે અંગે આજદીન સુધી કોઈ સમાધાન થયેલ ન હોય, તા. ૧૯ ના બપોરના ૧/૩૦ વાગ્યાની આસપાસ યુવકના પિતા આરોપી બાવકુભાઈ ભુપતભાઈને અડતાળા ગામે મળતા આરોપી તથા યુવકના પિતા વચ્ચે જુના બનાવ બાબતે બોલાચાલી થતા, યુવકનાં પિતા પરત જરખીયા ગામે આવી ગયેલ હતા. જે વાતનુ મનદુઃખ રાખી છ આરોપીઓને જરખીયા ગામે બોલાવી ગેરકાયદે મંડળી રચી કુહાડી તથા છરી તથા ફાઈબરના પાઈપ જેવા હથિયારો ધારણ કરી આવી, આરોપી સુરેશે યુવકને માથાના ભાગે કુહાડીનો એક ઘા મારી માથાનાં ભાગે તથા ડાબા હાથનાં ભાગે ઈજા કરી હતી. આ બનાવમાં યુવકના બાને આરોપી છગનભાઈએ કુહાડીનો એક ઘા માથાના ભાગે તથા ડાબા હાથના ભાગે ફેકચર આવે તેવી નાની મોટી ઈજાઓ પહોચાડયાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં બાવકુભાઈ ભુપતભાઈ પરમાર માથાસુળીયા પણ સામાવાળા સાગરભાઈ જગાભાઈ ચારોલીયા, જગાભાઈ માવજીભાઈ ચારોલીયા, નરેશભાઈ જગાભાઈ ચારોલીયા તથા હરેશભાઈ જગાભાઈના જમાઈ સહિત ચાર સામે જેમફાવે તેમ ગાળો આપી અને બાદમાં પોતે અડતાળાથી જરખીયા ગામે નિકળતા આરોપીઓ સાગરે કુહાડી વડે પોતાને માથાના ભાગે એક ઘા મારી માથાના ભાગે ઈજા કરી તથા ચાલુ ગાડીએ રોડ ઉપર પછાડી ગઈ બંને પગે ગોઠણના ભાગે નાની મોટી ઈજાઓ કર્યાની ફરિયાદ સામી નોંધાઈ.

### અલગ–અલગ માર્ગો ઉપર એકીસાથે દબાણ દૂર કરાયુ

## સાવરકુંડલા ખાતે પાલિકા અને માર્ગ–મકાન વિભાગ દ્વારા સંયુકત પણે દબાણ હટાવ ઝૂંબેશ કરવામાં આવી

### પોલીસ કાફલા સાથે તંત્રએ કેબિનોના અને દુકાનોના ઓટલા–છાપરા દૂર કર્યા



અમરેલી, તા. ૨૧

સાવરકુંડલા ખાતે પાલિકા, આર.એન્ડ બીના સંયુકત ઉપક્રમે આજે ડીમોલેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. મસમોટા પોલીસ કાફલા સાથે સાવરકૂંડલા પાલીકાના ટ્રેકટરો, જેસીબીન સાથે સાવરકુંડલા શહેરમાં રોડ કાંઠા ઉપર થયેલા દબાણે દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા પોલીસની ફૌજ ઉભી રાખીને આજે સવારે ૧૧ વાગ્યાથી ડીમોલેશન કામગીરીઓ શરૂ કરવામાં આવેલ હતી.

ડીમોલેશનની પ્રક્રિયામાં તંત્ર દ્વારા ત્રણ વિભાગમાં ટીમો કરીને અલગ અલગ માર્ગો પર ટીમોને રવાના કરીને ડીમોલેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. નાના ધંધાર્થીઓ અને કેબિનો, દુકાનો ના ઓટલાઓ તંત્રે દૂર કર્યા હતા. જયારે જયા ખરેખર ડીમોલેશની જરૂર છે. ત્યાં આંખ આડાકાન કરવામાં આવ્યા હોવાની પ્રતીતિ લોકો કરી રહ્યા હતા. જયારે પાલિકા દ્વારા શરૂ કરાયેલા ડીમોલેશનમાં ફાયદો વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને લઈને એક એસપી, અમરેલી એલસીબી, એસઓજી સાથે ૨પી. આઈ. ૬ પીએસઆઈ અને ૧૦૦ પોલીસ કર્મીનો કાફલો જોડાયો હતો.

પોલીસ કાફલા સાથે સ્થાનિક પાલિકા તંત્ર દ્વારા કેબીનોના અને દુકાનોના ઓટલા અને છાપરાઓ દુર કર્યા હોવાની વિગતો પાલિકાના ચીફ ઓફિસર હસમુખ બોરડે જણાવી હતી.

### પોલીસ સ્ટેશનમાં આપેલ અરજી અંગે કાર્યવાહીની માંગ સાથે

## અમરેલીનાં ગૌરાંગ રાજયગુરૂએ કલેકટર અને એસપીને પત્ર પાઠવીને આત્મવિલોપનની ચીમકી આપી

### ઈચ્છા મૃત્યુની મંજુરી આપવાની પણ માંગ કરી

અમરેલી, તા. ૨૧

અમરેલીના કેરીયા રોડ બાયપાસ રોડ ઉપર આવેલ અયોપ્રયા એપાર્ટમેન્ટમાં રહેતા ગૌરાંગ પ્રફુલભાઈ રાજયગુરૂએ ગત તા. ૨૩/૧૨/૨૩ના રોજ તથા ગત તા. ૧૫/૬/૨૪ના રોજ મારામારી, છેતરપીંડી, હનીટ્રેપ, ધમકી વિગેરે બાબતે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈને સંબોધીને એક લેખીત ફરીયાદ આપેલ હતી, આ ફરીયાદમાં જણાવેલ કુલ આરોપી ચાર પૈકી માત્ર એક જ આરોપીને પોલીસ રૂબરૂ બોલાવી નિવેદન લઈ આ ફરીયાદ પોતાની જાણ બહાર ફાઈલે કરવામાં આવેલ છે. જેને લઈ આ ગેરાંગ પ્રફુલભાઈ રાજયગુરૂએ આજે જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર અમરભીને એક અરજી આપી આગામી ૨૪ કલાકમાં પોતાની ફરીયાદમાં જણાવેલ વિગત તથા રજુ કરેલ પુરાવાઓ પ્રયાને લઈ તમામ આરોપી સામે કાયદેસરના ગુન્હાઓ નોંધી નાયબ પોલીસ અધિકારી જેવા સક્ષમ અધિકારી દવારા તપાસ કરવામાં આવે તેવી મારી માંગણી કરેલ છે.

આ બનાવમાં પોલીસ પોતાને ન્યાય અપાવી શકે તેમ ન હોય, અને આ ફરીયાદમાં ૨૪ કલાકમાં યોગ્ય ગુન્હાઓ દાખલ કરવામા નહી આવે તો, મને આપની કચેરીમાં આત્મ વિલોપન કરવા મંજુરી આપવા આવે અથવા ઈચ્છા મૃત્યુ માટે જરૂરી હુકમ ફરમાવવા

અરજીમાં માંગ કરેલ છે. વધુમાં તેઓએ એમ પણ જણાવેલ છે કે, પોતાની જાનને ખુબ જ જોખમ હોય અગાઉ આપેલ ફરીયાદમાં જણાવેલ આરોપીઓ તથા તેમના મળતીયાઓ દવારા અવાર નવાર ધમકી આપવામાં આવે છે. તેમ અંતમાં જણાવેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## અમરેલી : ચેક રીર્ટનના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

અમરેલી, તા. ૨૧

આ કામના ફરીયાદી અજયભાઈ મોહનભાઈ દાફડાએ આ કામના આરોપી મનિષભાઈ રમેશભાઈ બાબરિયા કે જે શ્યામ ગ્રુપના નામથી હીરો હોન્ડાની સ્કીમ ચલાવતા હતા અને તે સ્કીમમાં હાલના ફરીયાદી સ્કીમમાં જોડાઈ આ સ્કીમની બૂક લીધેલ હતી જેમાં ૪૮ હપ્તા ભરવાની સ્કીમ હતી જેમાં ફરીયાદીએ તમામ હપ્તા ભરેલ હતા અને સ્કીમના અંતે ગ્રુપની શરતો મુજબ હપ્તા પૂર્ણ થયે સંપૂર્ણ રકમ અથવા હીરો હોન્ડા મળે તેવી સ્કીમ હતી પરંતુ ફરીયાદીએ સંપૂર્ણ હપ્તા ભરી દીધા હોવા છતાં શ્યામ ગ્રુપ દ્વારા કોઈ રકમ કે હીરો હોન્ડા આપવામાં આવેલ નહીં અને ત્યારબાદ વારંવાર ફરીયાદીએ આરોપીનો સંપર્ક કરતાં આરોપીએ તમારા પૈસા મળી જશે તેવો પાક્કો ભરોસો અને વિસ આપેલ અને આવી રીતે ખોટા વાયદાઓ કરી સમય પસાર કરતાં હતા અંતે ફરીયાદીને પોતાની સાથે છેતરપિંડીનો અહેસાસ થતાં આરોપી વિઢદ્ધ ધ નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ કરેલ જે કેસ નામદાર અદાલત સમક્ષ ચાલી જતાં આરોપીને એક વર્ષની કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

આ કેસમાં ફરીયાદી તર્ફે વકીલ એન.જી.બગડા તથા વકીલ એમ.જે. પરમાર તથા વકીલ એસ.આર. કાતરીયા રોકાયેલા હતા.

### અમરેલી જિલ્લા કલેકટરનાં વોરંટનાં આધારે

## ઉનાનાં મોઢા ગામનાં ઈસમની ‘પાસા’ હેઠળ અટકાયત કરાઈ

### એસપીનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચે કામગીરી કરી



અમરેલી, તા. ૨૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં પ્રોહીબીશન બુટલેગર ઈસમો તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવવાળા ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમ ભરતસિંહ રાજાભાઈ પરમાર (રહે. મોઢા, તા. ઉના) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

પ્રોહી.ની પ્રવૃત્તિ કરતા ઈસમની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક વલગ વેધની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા ભરતસિંહ રાજાભાઈ પરમારને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

### ભીમ અગિયારસ બાદ પણ જુગાર શરૂ

## અમરેલીનાં સરદારનગર શેરી નં. ૪માં ૪ મહિલા સહિત પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં રહેતા મનીષભાઈ જગદીશભાઈ જસાણી અરૂણાબેન હિંમતભાઈ વાળા, શહેનાજબેન જમાલભાઈ કાસમભાઈ ખોખર (રહે. ત્રણેય અમરેલી) તથા શારદાબેન વા/ઓ ભરતભાઈ તલસાણીયા, ભાવનાબેન ઉર્ફે ભાવીકાબેન વા/ઓ ભીમાભાઈ ઉર્ફે ઘનશ્યામભાઈ નનુભાઈ ગોહિલ (રહે.સા.કુંડલા) ચાર સ્ત્રી સહિત પાંચ ઈસમ અમરેલીના સરદારનગર શેરી નં. ૪ માં જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૫૩,૪૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કર્યા વિ. બાબત.

# લીલીયામોટા ખાતે ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ



લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે તા. ૨૧ જૂન, ૨૦૨૪ (શુક્રવાર) ના રોજ ૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ. ભારતીય સંસ્કૃતિની ધરોહર અને વારસાને જીવંત રાખવા, યોગાસન અને તેનાથી થતાં ફાયદાઓ વિશે વધુમાં વધુ નાગરિકો જાગૃત્ત થાય, યોગને પોતાની જીવનશૈલીમાં અપનાવે તેવા ઉદ્દેશ્ય સાથે લીલીયા મોટા તેમજ લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દરમ્યાન યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આજરોજ યોગ દિવસ નિમિત્તે લીલીયા મોટાની તાલુકા પંચાયત કચેરીના ગ્રાઉન્ડમાં સરકારની સૂચના અનુસાર તાલુકા પંચાયત કચેરીના પટ્ટ આંગણમાં લીલીયા તાલુકાના યોગ કોચ કમળાબેન ભરતભાઈ હેલૈયા દ્વારા વિવિધ યોગ કરાવવામાં આવેલ. આ તકે લીલીયા ઈન. મામલતદાર પંકજ બારૈયા, ના.માં. વિપુલભાઈ મહેતા, ના.માં. આશિષ ગોસાઈ, ટીડીઓ તુષાર રાદડિયા, પીએસઆઈ એસ.આર. ગોહિલ, ડો. કેતન કાનપરીયા, ડો. તોમર, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુ ડાભી, મહામંત્રી જીગ્નેશ સાવજ, ભરતભાઈ હેલૈયા, હિતેશ પરમાર સહિત શિક્ષક ગણ, પોલીસકર્મી, હોમગાર્ડ, જી.આર.ડી. જવાન, આઈસડીએસ સ્ટાફ, આંગણવાડીના બહેનો સહિત તમામ વિભાગના કર્મચારીગણ ઉપસ્થિત રહેલ. આ તકે યોગ ટ્રેનર તથા યોગ સાધકો મોટી સંખ્યામાં હાજર રહેલ. આ તકે યોગ કોચ દ્વારા તમામ અધિકારી–પદાધિકારીગણનો આભાર માન્યો હતો અને બધા નિરોગી રહો અને યોગને સહકાર આપવા સંકલ્પ લેવરાવ્યો હતો. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# વંડા : અંદાજિત ૨૫ વીઘા જમીનમાં સરગવો અને લીંબુની પ્રાકૃતિક ખેતી દ્વારા વીઘે રૂા. ૧ લાખ સુધીની આવક

## ઝેરમુકત અને ખર્ચ વગરની પ્રાકૃતિક ખેતી અને ખેતી બાદ પાકના મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતો સફળતા મેળવી શકે છે : જગદીશભાઈ તળાવિયા



અમરેલી, તા. ૨૧

રાજયને આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ગુજરાત બનાવવા રાજય સરકાર દ્વારા મિશન મોડ પર પ્રયત્નો થઈ રહ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજયપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા પ્રાકૃતિકખેતીઅપવાનાવામાટેખેડૂતોને આહવાન કરવામાં આવ્યું છે ત્યારે અમરેલીજિલ્લાનાસાવરકુંડલાતાલુકાના વંડા ગામના ખેડૂત જગદીશભાઈ તળાવીયાની પ્રાકૃતિક ખેતીની સફળતા જાણવા જેવી છે.

વંડા ગામના પ્રગતિશીલ ખેડૂત જગદીશભાઈ છેલ્લા છ વર્ષથી સરગવોઅનેલીંબુનીપ્રાકૃતિકખેતીકરી રહ્યા છે. તેમણે બાગાયત વિભાગની સહાયતાઅનેમાર્ગદર્શનદ્વારામૂલ્યવર્ધન કરીપોતાનીઉપજમાંથીબમણીઆવક મેળવવા માટે પ્રયાસ કર્યો છે. તેમણે સરગવાની ખેતીમાં બાગાયતની સબસીડીથી ગ્રેડીંગઅનેપેકીંગએકમની સ્થાપના કરી છે, જેના દ્વારા સરગવાના પાન, સીંગ અને ફૂલનો પાવડર બનાવી અને 'દેવમઓર્ગેનીક' નામથી બજારમાં વેચી રહ્યા છે. આ પાવડરના વેચાણ થકી તેમને સારી આવક થઈ રહી છે. ગ્રેડીંગ અને પેકીંગ એકમની સ્થાપના, પાણીના ટાંકાના નિર્માણ માટે સહાયતા અને લીંબુના છોડમાં બાગાયત વિભાગ દ્વારા અંદાજિત વિવિધ પ્રકારની રૂા. ૩.૫૦ લાખથી વધુની સહાયતા મળી છે.

જગદીશભાઈ તળાવીયા અંદાજિત ૨૫ વીઘા જેટલી જમીનમાં સરગવો અને લીંબુ વાવી રહ્યા છે. તેઓ ટપકસિંચાઈ પદ્ધતિથી પાણીનો ઉપયોગ કરે છે જયારે બાગાયત વિભાગની સહાયતાથી તૈયાર કરેલા ૫૦,૦૦૦ લીટરની ક્ષમતાના પાણીના ટાંકામાં જીવામૃત સ્ટોરેજ કરી અને આખું વર્ષ ખેતીમાં તેનો છંટકાવ કરે છે. દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર આધારિત ખેતી થકી તેમનીજમીનનીફળદ્રુપતાઅનેઉત્પાદન બંને વધ્યું છે.

આ અંગે તેમણે જણાવ્યું કે, છેલ્લા ૦૬ જેટલા વર્ષથી હું આ ખેતી કરી રહ્યો છું. પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા સુભાષ પાલેકરના વીડિયો દ્વારા મળી હતી. ત્યારબાદ લીંબુ અને સરગવાની ખેતી કરતા અનેક ખેડૂતોને મળી અને તેના વિશે જાણ્યું અને ત્યારબાદ પ્રાકૃતિક ખેતી અપનાવી હતી.

તેમણે ઉમેર્યુ કે, સરગવાની ખેતી બાદ મૂલ્યવર્ધન દ્વારા મેં સફળતા મેળવી હતી. બાગાયત વિભાગની સહાયતાથીમશીનરીખરીદીઅનેગ્રેડીંગ અનેપેકીંગએકમનીસ્થાપનાકરી. જેમાં સરગવાના પાન, ફૂલ, સીંગ દળવાની શરૂઆત કરી. બાદમાં અન્ય ખેડૂતો પાસે પ્રાકૃતિક ખેતી આધારિત હળદર–મરચાની ખેતી શરૂ કરાવી અને હળદર–મરચુ દળીને વેચવાની શરૂઆત કરી. આમ મારી પ્રોડકટ રાજયના વિવિધ શહેરો, અન્ય રાજયો અને વિદેશ સુધી વેપારીઓ મારફત પહોંચી ગઈ છે. હું ખેડૂતોને અપીલ કરૂં છું કે પ્રાકૃતિક ખેતી ખર્ચ વગરની છે તેને અપનાવો. આ ખેતી થકી મારી જમીન ફળદ્રુપ બની છે અને ઉત્પાદન વધ્યું છે. આ ખેતી દ્વારા મને એક વીઘામાં આશરે રૂા. ૧.૦૦ લાખ સુધીની આવક થઈ રહી છે.

જગદીશભાઈ જીવામૃત તૈયાર કરવા માટે ગાયનું છાણ, ગૌમૂત્ર, લીમડા, આંકડાના પાન, ચાની ભુકીનો ઉપયોગ કરે છે તેમજ વિશિષ્ટ પ્રકારના બેકટેરીયા આ મિશ્રણ સાથે ભેળવી અને આખા વર્ષમાં ઉપયોગ થઈ શકે તેટલો સ્ટોક એક સાથે વિશાળ ટાંકામાં ભરી રાખે છે.


નાયબ બાગાયત નિયામક અમરેલી જે.ડી. વાળાએ જણાવ્યું કે, વંડાના ખેડૂત જગદીશભાઈ પંચસ્તરીય બગીચો તૈયાર કરી લીંબુ અને સરગવાની બાગાયતી પ્રાકૃતિક ખેતી કરી છે. તેમને યુનિટ ઉભું કરવા માટે અંદાજિત રૂા. ૨.૦૦ લાખ, મશીનરી માટે અંદાજિત રૂા. ૧.૦૦ લાખ, પાણીના ટાંકા માટે રૂા. ૫૦ હજાર, લીંબુના છોડના વાવેતર માટે અંદાજિત રૂા. ૨૦ હજાર અને શાકભાજીના વાવેતરની અંદાજિત રૂા. ૧૨,૫૦૦ જેટલી સહાયતા મળી છે. બાગાયત વિભાગના માર્ગદર્શન દ્વારા તેમણે મૂલ્યવર્ધન કરી અને પ્રોસેસીંગ યુનિટ દ્વારા આવકનો સ્ત્રોત મજબૂત કર્યો છે. ખેડૂતો આ પ્રકારે પોતાની ઉપજનું મૂલ્ય વર્ધન કરી બાગાયત વિભાગના માર્ગદર્શન તેમજ સહાયતા દ્વારા પ્રાકૃતિક ખેતી દ્વારા પણ સફળતા મેળવી શકે છે.


અમરેલી જિલ્લો ખેતી અને બાગાયતક્ષેત્રમાં આગવી ઓળખ ધરાવે છે ત્યારે પ્રગતિશીલ ખેડૂત જગદીશભાઈ પ્રવાહથી અલગ જઈને સરગવા જેવા શાકભાજીની ખેતીમાંથી આવકનો સ્ત્રોત મેળવવાનો નવો ચીલો ચીતર્યો છે.


**આલેખન : જય મિશ્રા**
**તસવીરો : મધુસૂદન ધડુક**



















# કાળ એટલે કાંઠા વિનાની નદી

કયારેય સાંભળ્યું છે નદી કાંઠા વિનાની હોય? નહિને, છતાં નદીને કાળ સાથે સરખાવી છે. નદીને બે કાંઠા જરૂર હોય પણ જયારે એ મજા મૂકે છે. ઘોડાપૂર આવે છે. ત્યારે કિનારાને,ગામને, ખેતરોને ધમરોલી નાંખે છે. ઘડી પહેલાની ખળખળ સંગીત સંભળાવની ગામની જીવાદોરી નદી વિકરાળ સ્વરૂપ ધારણ કરી કાળ બની નૃત્ય કરતી દેખાય છે. ફરી પાછી શાંત થઈ પહેલાની માફક સૌને તૃપ્ત કરતી વહેવા માંડે છે.

કાળનું પણ એવુ જ છે. હદય, બામલી, પ્રેમ, વિનાનો કાળ જયાં સુધી આપણા શ્વાસ ચાલવાનાં હોય ત્યાં સુધી કાળ આપણી સામે નજર પણ ન કરે પણ જયારે આપણા જીવની ચીઠી ફાટી પણ ત્યારે કા આંખો વીંચી પોતાની ફરજ બજાવે છે. પણ તે નાનુ હોય, ખોટુ હોય બાળક, યુવાન, વૃધ્ધ છે. હોય તે કાળને ફરક પડતો નથી. આને નિયતી કહીએ તો ચાલે. આવરદા–જીવન પૂર્વે થતાં સૌ કોઈને આ દુનિયા છોડી જવુ જ પડે છે.

આ વાત જીવ–જગત વિશે ઈન્ટરનેશનલ બુકરપ્રાઈમમાં બુક આવી છે. તે છે કૈરોસ જેના લેખિકા છે. જર્મનીનાં છે. નામ છે. એર્વેનેબેંક, કૈરોસ–ગ્રીસ શબ્દ છે. જેનો અર્થ થાય છે. સમયઃ સમય દરેક પ્રાણીપાત્રને બંધનકરતા હોય છે. સમયને કોઈ આશાફળી શકયુ નથી. કોઈ આશાફળી શકશે પણ નહિ એટલે જ તેને નીયતી કહ્યુ છે.

માનવ ગમે તેઓ વૈભવી જીવન જીવતો હોય છે. ગમે તેવા ઉંચા પર પર હોય, અઢળક, ધનદોલત હોય, ન ભેદી શકાય એવી સુરક્ષા સુવિધા(સીકયુરીટી) હોય પણ જયારે એમના શ્વાસ પુરા થાય છે. ત્યારે એક શ્વાસ વધુ લેવાતો નથી. બધુ છોડીને જવુ પડે છે. એક પંચતંત્રની વાર્તા યાદ આવે છે.

એક સુંદર મજાનો પોપટ આંબાડાળે બેસી પોતાના રૂપ રંગ પર ખુશ થતો હતો. થોડીવાર આનંદ વ્યકત પણ કરતો હતો. એ સમયે જંગલમાંથી યમરાજા પસાર થયા.પોતાના રંગરૂપ પર મુસ્તાક પોપટને જોઈને યમરાજાને હસુ આવી ગયુ વધુ પ્રશંસાની અપેક્ષાએ પોપટે પૂછયુ. ''ફરી કેમ હસ્યા?'' યમરાજ કહ્યુ. પોપટ! મને તારી દયા આવે છે. તું જે રંગરૂપ પર આટલો મુસ્તક છે. ગળે કરે છે. એ આવતી કાલે નહિ હોય'' વાત સાંભળીને પોપટ નિમાણો બની ગયો. ચિંતામુકત સ્વરે પોપટે પૂછયુ, ''તમે કહેવા શું માંગો છો? તમે કોણ છો?''

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

ત્યારે યમરાજે હસીને કહ્યુ, '' તને જ તારા રૂપનું અભિમાન છે. તે આવતીકાલ બાર વાગે હતુ ન હોતુ થઈ જશે.'' સાંભળતા જ પોપટનાં મોતિયા મરી ગયો. પોપટથી પૂછાયુ ગયુ.'' આવુ કહેનાર તમે કોણ છો?'' પહેલા માણસે કહ્યુ,'' હું યમરાજ છું.'' કહી યમરાજ ચાલ્યા ગયા.

પોપટ વિચારમાં પડી ગયો. ખરેખર હું આવતી કાલે મરી જઈશ? શું સાચે જ યમરાજ હતા? દુઃખી પોપટ વિચારતો બેઠો છે. ત્યાં તેનો મિત્ર ગરુડ આવે છે. પોપટ નિષ્તેજ નિમાણો બેઠેલો જોઈ પૂછયુ.'' શું થયુ મિત્ર ? કેમ દુઃખી જણાય છે?''

પોપટે હતાશ થઈકહ્યુ,' ' મિત્ર, તું કંઈક કર. આવતી કાલે હું પરી જવાનો છું.''

ગરુડે પૂછયુ.'' શું કહ્યુ? તને આવુ કહ્યુ કોણે? તને કોઈ મારી શકે જ નહી. તુ મારો મિત્ર છે. ગરુડનો મિત્ર છે. હું ખુદ ભગવાન વિષ્ણનુ વાહન છું. આપણી ઓળખ લગભગ મોટી છે. તું ચિંતા ન કર. તારો વાત વાંકો નહિ થવા દઉ.

''એ બધીવાત પછી, પહેલા બચવાનો ઉપાય શોધો, પછી બીજી વાત.'' અધીરાઈથી પોપટે કહ્યુ.

''ચાલ,મારી પીઠ પર બેસી જા'' મિત્ર ગરુડે કહ્યુ.

''પણ જવુ છે કયા?''

'' હું એવી જગ્યા લઈ જઈશ કે જયાં કોઈ શિકારી, જીવજંતુ ન આવી શકે,ચાલ.'' કહી ગરુડે પોપટ પીઠ પર બેસાડી માંડયુ ઉડવા. ઘણો લાંબો પંથ કાપી મુડ એક નિર્જળ પ્રદેશમાં આવી પહોચ્યુ. વેરાન ભૂમિ હતી. એક પણ વૃક્ષ નહોતુ. એ વિસ્તરમાં એક સૂકાઈ ગયેલ. વૃક્ષનુ ઠુઠુ ઉભ હતુ.

ગરુડે ત્યાં ઉતરાણ કર્યુ. સવારનો મ્હોર હતો. ગરુડને થાક લાગેલ,ભૂખ પણ લાગી હતી. ગરુડે કહ્યુ, ''મિત્ર, જો વ્યવસ્થા કરી હમણા આવુ છુ'' ગરુડે કહ્યુ, '' મિત્ર, જો અહિ કોઈ આવશે નહિ. તુ નિશ્ચિત બની. અહિ બેસ. હું ભોજનની વ્યવસ્થા કશી હમણા આવુ છું. '' કહી ગરુંડ ગયુ. પોપટનો જીવ ચોંટી ગયેલો બપોરે બાર વાગે શું થશે એની ચિંતા સતાવી રહી હતી. જેમજેમ સમય પસાર થતો હતો.

એમ પોપટને ચિંતા વધતી રહી હતી. સૂર્ય ધીરેધીરે ઉપર ચડતો ગયો. ગરૂડની રાહમાં પોપટ બેઠો હતો. બરાબર બાર વાગ્યા ત્યારે એ ઠૂંઠામાંથી એક સાપ નીકળ્યો ને પોપટને ડંખ મારી પાછો ચાલ્યો ગયો. પોપટ નીચે પડયો. ગરૂડ આવીને જુએ છે. તે દુઃખી થઈ જાય છે. પોપટના મૃત શરીરને લઈ ગરૂડ ભગવાન વિષ્ણુ પાસુે જાય છે. ને કહે છે.'' ભગવાન,

આ મારો મિત્ર છે. એને જાવતો કરો. '' ભગવાને હસીને કહ્યુ, '' ગરૂડ, એના મૃત્યુનું કારણ તુ જ છો. જયા એનું મૃત્યુ લખાયેલ હતુ ત્યાં તુ જ લઈ આવ્યો. અને બીજાુ કે કોઈના જન્મ મૃત્યુ વચ્ચે મારાથી અવાતુ જ નથી. જેનું નસીબ,નિયતિ માટે શોક કરવાનુ છોડી એના સંસ્કાર કર.''

ગરૂડને પોતાની ભૂલ સમજાવીને ટૂંકમાં સમય બળવાન છે. માણસ નહિ. સમય એટલે જ કાળ, યમ, નિયતિ–મહાભારતના યુધ્ધ બાદ અર્જૂન દ્વારકા જાય છે. પાછો ફરે છે ત્યારે લૂંટારાઓ અર્જુનને લૂંટી લે છે.

સમય સમય બળ વાન હૈ, નહિ મનુષ્ય બળવાન, કાળે અર્જુન લૂંટિયો,વહી ધનુષ્ય, વહી બાળ

આ જગતમાં નાશવત, શરીરનો શોક કરવો નહિ પણ જીવતા જે સદકાર્ય કર્યુ હશે. તેના લેખાજોખા મૃત્યુ બાદ થશે.–**અટલુ**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# ચિત્રકાર તૂફાન રફાઈ

**રસિકભાઈ ચંદારાણા**

'ત્યારે મારી ઉંમર બાર જ વર્ષની ! આ જ વડી–ઠેબી નદીના કાંઠે ઝૂંપડપટ્ટીમાં શહેરની ગટરો જયાં રાતદિવસ ગંદકી ઠાલવ્યા કરતી એવા સ્થળે અમે રહેતાં ! ફકીર હોવાને કારણે મારી મા મને સવારે વહેલો ઉઠાડીને કહેતી, 'બેટા... તોફલા... ઊઠ ! જો દી... ઊગી ગ્યો...' પોતાના વ્હાલસોયા હાથે પંપાળીને જગાડતી. લોટ ભીખી લાવવા જવું પડતું ! રાત્રે મોડે સુધી 'બડેભાઈના બેન્ડવાજાં' (એ વખતે આ નામથી પ્રખ્યાત હતાં) સાથે પેટ્રોમેકસ બતીનો ભાર માથે વહન કરીને વરઘોડામાં વરરાજાના ઝાકમઝાળ પોશાક પર અજવાળું પડે તે રીતે બતી ધરી રાખવી પડતી ! બતીનો ભાર ભાર વેઠીને શરીરનું અંગેઅંગ થાકથી કળતું. જુદી જુદી મજૂરીએ જતા મારા પરિવારને આ ભીખી લાવેલો લોટ શિરામણ રૂપે ટેકો આપતો.'નું સંસ્થાપનઅમરેલીમાં ગિરધરભાઈ બાળગ્રહાયના અગ્રભાગ રફાઈ કલા–વીથિકા (ARTGALLEY)નું સંસ્થાપન અને ઉદઘાટન થયું અને પછી અમે થોડા મિત્રો વડી–ઠેબીના વેકરાના પટ પર બેઠા હતા ત્યારે અમારી જિજ્ઞાસાના પ્રત્યુતરરૂપે સિતેર વર્ષના ઊંડા અતીતને કલાકાર તૂફાન રફઈ ઢંઢોળી રહ્યા હતા.

ઉપેક્ષા, તિરસ્કાર અને કારમી ગરબીની દુર્ગંધથી ખદબદતા કળણમાં દલન પીડન અને શોષણથી પિસાતી–રિબાતી અમાનુષિતાના પંકમાં અંકુરિત થયેલા કલા–પંકજની આંતરરાષ્ટ્રીય મહેક તૂફાન રફાઈ કિશોરાવસ્થામાં ભીખ માગવા જતા થયેલા અપમાન અને પછી કદી પણ ભીખ નહીં માગવાની પોતે લીધેલી ભીષ્મ પ્રતિજ્ઞાનો એક પ્રેરક પ્રસંગ વર્ણવતા હતાં. 'એક દિવસ હું ટીન

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

(એલ્યુમિનિયમ)ની ઘોબાવાળી બોઘરણી લઈને એક મેમણ પરિવારને ઘેર ગયો.' 'અલ્લાહ કે નામ પર દે... દો. – ખુદા કે નામ પર થોડા આટા દે... દો, માઈ...!' એવા માર કાયમી લહેકના જવાબરૂપે ઊંચી ઓસરીની પડસાળ પર દાતણ કરતા, કાળા ભમ્મર શરીર પર રેશમી લાલગુલાબી લુંગી વીંટીને બેઠેલા ઘરમાલીક ગુસ્સાથી લાલ લાલ આંખોમાંથી અંગાર વેરતા બોલ્યા, 'શરીર તો લઠા જેવો છે... ભીખ માંગતાં લાજતો નથી... ! જા... જા, હાલતો થા... કયાંક મજૂરી કરી ખા...!'

'આ આકરા શબ્દ પ્રહારે મારું સમગ્ર ચિત્તતંત્ર હચમચી ઊઠયું !' ચૂઈ પડેલી આંખે આગળ વધે છે... 'દોડીને, તે જ મેમણ શેઠના ફળિયાના ખૂણામાં રસ્સીથી બાંધેલ સફેદ બકરી સામે, ગામમાંથી ભીખ માગી એકઠો કરેલ લોટ બોઘરણીમાંથી ઠાલવી દીધો !... અને પેલા શેઠ સમક્ષ જ મકકમ સ્વરે પ્રતિજ્ઞા લીધી. 'મૈં આજ સે કભી કિસી સે ભીખ નહીં લૂંગા !'

આમ... પરચૂરણ મજૂરી કરતાં કરતાં તેને અમરેલીની અસગરભાઈની લાટીમાં પાટિયા વેરવાનું કામ મળ્યું ! ઘણા દિવસોનાં ઝંઝાવાત પછી અસગભાઈને આ છોકરા પ્રત્યે કૂણી લાગણી જન્મી. અમરેલી છોડીને તેને પોતાની મુંબઈની સો–મિલમાં કામ આપવાનું વચન આપ્યું.

# વીર યોદ્ધા કુંવરસિંહ

**જન્મ : ૧૩ નવેમ્બર, ૧૭૭૭**
**મહાપ્રયાણ : ૨૬ એપ્રિલ, ૧૮૫૮**

૧૮૫૭ પહેલા ભારતીય સ્વતંત્રતા ચળવળના મહાન નાયક બાબુ વીર કુંવરસિંહનું કામ આજે પણ લોકોની યાદોમાં છે. ૧૩ નવેમ્બર, ૧૭૭૭ના રોજ ભોજપુર (બિહાર ) આરામાં જન્મેલા વીર કુંવરસિંહ ૮૦ વર્ષની ઉંમરે દુશ્મનો સામે લડવા અને જીતવાના ઉત્સાહ માટે ઈતિહાસમાં જાણીતા છે. મંગલ પાંડેએ ૧૮૫૭માં જે ચિનગારી સળગાવી હતી તે આખા દેશમાં સંગ્રામની આગ બનીને ફેલાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં વીર કુંવરસિંહ પણ પોતાની જાતને રોકી ન શકયા અને પોતે કમાન્ડર બનીને ભારતીય સૈનિકો સાથે અંગ્રેજો સામેના યુદ્ધમાં ઊતર્યા. ૨૭ એપ્રિલ ૧૮૫૭ના રોજ દાનાપુરના સૈનિકો અને ભોજપુરના સૈનિકો અને અન્ય સાથીઓ સાથે બાબુ વીર કુંવરસિંહે આરા શહેર પર કબજો કર્યો. અંગ્રેજોના પ્રયત્નો છતાં, ભોજપુર લાંબા સમય સુધી સ્વતંત્ર રહ્યું. વીર કુંવરસિંહે આરા જેલ તોડી કેદીઓને મુકત કરાવ્યા અને તિજોરી કબજે કરી. આટલું જ નહીં, તેણે આઝમગઢ પર પણ કબજો કર્યો. લખનૌથી ભાગી ગયેલા ઘણા ક્રાંતિકારીઓ પણ કુંવરસિંહની સેનામાં જોડાયા હતા.






જગદીશપુરનં રાજય પચાવી પાડવા અંગ્રેજો કૂટનીતિના દાવપેચ અજમાવી રહ્યા હતા. અંગ્રેજોએ અરાહ પર હુમલો કર્યો અને બીબીગંજ અને દિવ્યાનાં જંગલોમાં ભીષણ યુદ્ધ થયું. બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓ જગદીશપુર તરફ આગળ વધ્યા અને આરા પર ફરીથી કબજો કર્યા પછી, અંગ્રેજોએ બાબુ વીર કુંવરસિંહના કિલ્લાને ચારેબાજુથી ઘેરી લીધો. કુંવરસિંહ અને અમરસિંહને જન્મભૂમિ છોડવી પડી. અમરસિંહે અંગ્રેજો સામે ગેરીલા લડાઈ લડવાનું ચાલુ રાખ્યું અને વીર કુંવરસિંહે તેમના બહાદુર સૌનિકો સાથે બનારસ, આઝમગઢ, બલિયા, ગાઝીપુર, ગોરખપુરમાં આંદોલનને આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું. વીર કુંવરસિંહ લાંબા સમય સુધી તેમની સેના સાથે અંગ્રેજો સાથે લડયા. આ સમય દરમિયાન, તેઓ સેના સાથે બલિયા નજીક શિવપુરી ઘાટથી હોડીની મદદથી ગંગા નદી પાર કરી રહ્યા હતા, ત્યારે અંગ્રેજોએ અચાનક તેમના પર હુમલો કર્યો અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. આ દરમિયાન વીર કુવરસિંહ ઘાયલ થયા અને તેમના હાથમાં ગોળી વાગી. પછી પણ તે અટકયા નહીં. તેમણે પોતાના તલવારથી પોતાનો હાથ કાપીને નદીમાં ફેંકી દીધો અને અંગ્રેજી સેનાને હરાવીને ૨૬ એપ્રિલ, ૧૮૫૮ના રોજ જગદીશપુરના મહેલમાં પાછા ફર્યા. પછી તેણે પોતાનો જગદીશપુરનો કિલ્લો જીતી લીધો અને અંગ્રેજોનો ધ્વજ ઉતારીને પોતાનો ધ્વજ ઊભો કર્યો. જગદીશપુર પરત ફર્યાના થોડા સમય બાદ ૨૬ એપ્રિલ ૧૮૫૮ના રોજ તેમનં અવસાન થયં હતં.

# બાળકનો વર્ગ વ્યવહાર

**શિશુવંદના**

**– ગિજુભાઈ ભરાડ**

વર્ગખંમાં કેટલાક બાળકો એવા પણ હોય છે. કે જેને જવાબ આવડતો હોવા છતા આંગળી ઉંચી ન કરે, એમનામાં આત્મવિશ્વાસનો અભાવ, ભય, અસહકારની ભાવન, શરમાપણુ. એકાગ્રતાનો અભાવ, દુર્લભ વૃતિ વગેરેમાંથી કોઈ પણ કારણ હોઈ શકે છે. આવા સંજોગોમાં શિક્ષકની એ જવાબદારી થઈ પડે છે કે તે બાળક પ્રત્યે હુંફાળુ વર્તન રાખીને તેના વ્યકિતત્વમાં ' ઉતર દાષિત્વ' એને શીખવે. અનુભવે એવુ જોવામાં આવ્યુ છે કે તમે બાળકમાં જેટલો વિશ્વાસ મુકો છો એટલુ જ પામોછો અને જેટલી અશ્રધ્ધા દાખવો છો એટલુ ગુમાવો છો. વધારે પડતા અંતર્મુખ થઈ ગયેલા બાળકની અભિવ્યકિતને પુનઃપ્રવાહીત કરવા માટે પણ તેનામાં અધિકત વિશ્વાસ મૂકવો જોઈએ. એમ નાનુ અમથુ અપમાન એના સ્વમાનને લાંબા ગાળા સુધી હાનિ પહોંચાડે છે. જે બાકળના સ્વમાનને જાળવી શકે છે એ શિક્ષક જ બાળક પાસેથી સારા વર્ગવ્યવહારની અપેક્ષા રાખી શકે છે.

# રાજા હોય તો આવા!


નંદનવનમાં વીરસિંહ રાજા રાજ કરે. તે આજે ખૂબ ઉદાસ હતા. આ વર્ષે નંદનવનમાં દુષ્કાળ પડયો હતો. મોટા ભાગનાં પ્રાણીઓ કામજોર થઈ ગયા હતા. તે તેનાથી સહન થતુ ન હતુ. એવામાં તેને સામાચાર મળ્યા કે હંસરાજ હાથી મોતને ભેટયાછે. વીરસિંહ તરત જ હંસરાજ હાથીના સબ પાસે પહોંચી જાય છે.

વીરસિંહને આવતા બધા પ્રાણીઓને લાગ્યુ કે આપણને ખોરાક મળશે નહિ. વીરસિંહ કોઈને ખાવા દેશે નહીં પણ સૌ પ્રથમ વાઘ વીરસિંહ બે હાજા જોડીને વિનંતી કરતા કહે કે, ''હું બે દિવસ ભૂખ્યો છું મને આમાંથી ખાવાનું આપશો. તો હુ તમારો આભારી થઈશ.' ત્યાં તો વરૂને પણ હિંમત આવી તે વીરસિંહને 'હું તો ચાર દિવસથી ભૂખ્યો છું. '' જો તમે મને આમાંથી ખાવાની રજા નહીં આપો તો હું મરી જઈશ.'

વીરસિંહની બાજુએ ઉભેલા ચિતાએ પણ કહ્યુ કે, 'તમે બધા ઉપર ઉપકાર કરો તો મારા પર પણ કરજો, હું ઘણા દિવસોથી ભૂખ્યો છું.'

વડ પરથી નીચે ઉતરી ગીધ અને કાગડો પણ બોલ્યો, ' મહારાજ! અમે પણ તમારી રૈયત જ છીએ. અમને પણ બધાની સાથે મરેલા હાથીને ખાવાની છૂટ આપશો તો અમે પણ આપના આભારી થઈશુ.'

બધા પ્રાણીઓની વાત પૂરી થતા વીરસિંહ બધા પ્રાણીઓને





સંબોધી કહે, 'તમે બધા પ્રાણીઓ સંપીને ખાઓ. બધાને પૂરતો ખોરાક મળી રહેશે. કોઈએ બઝાવવાનું નથી કે સંગ્રહ કરવાનો નથી. તમે બધા જમી લો પછી વધે તો હું ખાઈશ.'

બીજા દિવસે રાજાએ એલિશ હાથીને કહ્યુ કે'' બાજુનાં ચંપકવનમાં મારો મિત્ર સામંતસિંહ રાજ કરે છે. મેં તેને કહ્યુ છે કે અમારે દુષ્કાળ હોવાથી ઘાસની હુ તંગી છે. તેથી હું એલીશને ઘાસ લેવા માટે મોકલુ છુ. તમે તેને શકય એટલી મદદ કરશો.''



બીજા દિવસે એલિશ અને એના સાથીઓ પોતાની પીઠ પર પુષ્કળ ઘાસ લઈ આવ્યા. વીરસિંહે હરણ, જંગલી ભેંસ, સસલા, નીલગાય વગેરે વડદાદા નીચે ભેગા કર્યા અને કહ્યુ કે, 'સંપીને ઘાસ ખાઓ. કોઈએ સંગ્રહખોરી કરવાની નથી. જરૂર પડયે પાછુ ઘાસ લઈ આવવામાં આવશે.'

વડની ડાળી પરથી પોપટ બોલ્યો, ' રાજા હોય તો આવ!'



**બાલમિત્રો,**

નવુ શૈક્ષિક વર્ષ શરૂ થઈ ગયુ. કેવુ લાગ્યુ? નવો વર્ગ, નવા શિક્ષકો, નવા વિષયો, કોઈ ગમે કોઈ ન ગમે. ફરિયાદ પણ હોય પણ બાલમિત્રો, આપણો ભણાવાનુ કામ કહે છે. ને રોટાલાનુ કામ ટપકાવાનુ નહિ. સારી રીતે જાણીએ એટલ બાકી બધુ ગૌણ બની જાય. વળી જે મિત્રોને કંઈક બનવાનુ છે. એમણે કોઈ પણ ફરિયાદ હોતી જ નથી. બસ એમનુ કાર્ય કર્યે જ જાય છે. જેમ પેલા અર્જુન ને પક્ષી નહિપણ પક્ષીની આંખ દેખાતી હતી. તમને પણ તમારુ ભવિષ્ય દેખાવુ જોઈએ. બાલમિત્રો, સગવડતા અગવડતા નહિ.

શાળામાં કે ઘરમાં ભૌતિક સુવિધા હોય તોય શું ને ન હોય તો ય શું? આપણુ ધ્યેય ભણવાનુ છે. ધ્યેય હાંસલ કરવાનુ છે. એક વખત ધ્યેય ગોલ હાંસલ થઈ જાય પછી કોઈની તાકત નથી કે તમને હરાવી શકે તો હવે પછી નવી શૈક્ષણિક વર્ષની આનંદથી વધાવો અને લાગી જાવ ભણવા.

## ગીત : નિરજ મહેતા

નાની – નાની હથેળીઓને નાનકડી છે વેંત
તોયે દરિયા જેવું મૌને હેત્વી કરતી હેત
નાનકડી આંખોમાં કેવું ઉભરી આવે વ્હાલ
થઈ જાતાં સૌ ન્યાલ જોઈને નાના–નાના ગાલ
ભગવાને આપી છે કેવી પ્યારી – પ્યારી ભેટ
હોઠ ગુલાબી ફુલડાં જેવા ધીમું – ધીમું મરકે
ચાલતાં તો ના ફાવે પણ ઉંધી થઈને સરકે
નખરા એના જોઈ હસતાં સૌ પકડીને પેટ

## ગીત : જીત જોબનપુત્રા


પોચાં પોચાં વાદળામાં લેટી પડું :
આખાયે આભલાને ભેટી પડું
લીલાં લીલાં પાંદાડામાં લેટી પડું
એક એક ઝાડવાને ભેટી પડું
રેતીનાં ઢગલામાં લેટી પડું
કલકલતાં ઝરણાને ભેટી પડું
ગોરજની ડમરીમાં લેટી પડું
ભોળી ભોળી ગાવડીને ભેટી પડું,
માવડીના ખોળામાં લેટી પડું,
વ્હાલા વ્હાલા ભાઈલાને ભેટી પડું.

# વાદળ વિશે જાણીએ

વાદળ હવામાં તરતા પાણીના રેણું કે બરફના કણોનો સમૂહ છે. વૈજ્ઞાનીક ભાષામાં વાદળ એ હવા અને પાણી કે બરફનું કલીલદ્રાવણ છે. વાદળોનો અભ્યાસ મોસમ વિજ્ઞાન અંતર્ગત કરવામાં આવે છે. જયારે હવા ઠંડી પડવાથી કે પછી વધુ પડતા ભેજના કારણે સંતૃપ્ત થઈ જાય છે. ત્યારે બાષ્પ હવામાં મોજુદ કણો ઉપર જામી ફરીથી પ્રવાહી સ્વરૂપ ધારણ કરે છે. અને જો તાપમાન વધુ પડતું ઠંડુ હોય તો પાણીનું ટીપું બરફ કણમાં ફેરવાય છે. શરૂઆતના કણ કે ટીપાંના કદ અત્યંત સુક્ષ્મ હોય છે. સાનુકુળ પરિસ્થિતિમાં હવામાં મોજુદ બાષ્પ આવા ટીપાઓ પર ઠંડી પડી તેનું કદ વધારી શકે છે. તે ઉપરાંત બે ટીપાંઓના એકબીજાના વિલિનીકરણથી પણ તેમનું કદ વધી શકે છે. જયારે ટીપાંઓનું કદ પર્યાપ્ત માત્રામાં વધી જાય છે. ત્યારે આ ટીપાં વરસાદ સ્વરૂપે વરસે છે.


વાતાવરણમાં સંવહનની પ્રક્રિયા દરમ્યાન રૂના ઢગ જેવા વાદળ બને છે. જેને અંગ્રેજીમાં કયુમ્યુલસ વાદળ કહેવાય છે. આકાશમાં થરની જેમ છવાઈ જતાં વાદળાં સ્ટ્રેસ્સ તરીકે અને બહુ ઉચે આકાશમાં બનતાં તાંતણા જેવા વાદળ સિરસ તરીકે ઓળખાય છે.

મોટાભાગનાં વાદળો પૃથ્વીના ક્ષોભમંડળમાં નિર્માણ પામે છે. કયારેક સમતાપમંડળ કેમોસોસ્ફિચરમાં પણ વાદળા




જોવા મળી જાય છે. પૃથ્વીસિવાય સુર્યમંડળના અન્ય ગ્રહો અને ચંદ્રો પર પણ વાદળ જોવા મળે છે. તેમનાં વિશિષ્ટ તાપમાને અને વાતાવરણીય વાયુઓનાં કારણે ત્યાં મિથેન, એમોનિયા અને સલ્ફયુરીક એસિડના વાદળ બને છે.– **વનિતા રાઠોડ**

## ચિત્ર દોરતા શીખ્યું છે ! અહિ આપેલ ચિત્ર પુરૂ કરો




# વાર્તા : વૃક્ષ મંદિર

સુંદરપુર નામનું ગામ.

ગામ નજીક એક તળાવ.

એક દિવસ ગામઆગેવાનો તળાવ કિનારે ભેગા થયા. તળાવ કિનારે મઝાના ઘટાદાર વૃક્ષો. વૃક્ષો પર પંખીઓના માળા.


ગામલોકોએ મંદિર બાંધવા પરમા પૂજારીજીનો પણ સાથ સહયોગ લીધો. આમતો ગામનું મંદિર પુરાતન હતું. તેના તેઓ પુજારીજી હતા. ગામલોકોને આગ્રહ હતો કે મોટું મંદિર બને તો ગામની વાહ વાહ થાય ! પુજારીજીની



પંખીઓના કલરવથી વાતાવરણ આનંદિત રહેતું.

એ આગેવાનો ઉત્સાહમાં હતા. તળાવ પૂરીને ત્યાં મંદિર બનાવવાનું હતું. તે માટે આજુબાજુના ઝાડ પણ કાપવાના હતા.

ઈચ્છા નવા મંદિર બાંધવા માટે સહેજ પણ નહોતી.ને મંદિર માટે બાંધકામ શરૂ થવા લાગ્યું.......કેટકેટલાય મજૂરો....પ્રથમ તો માટી વડે તળાવ પૂરાવા માંડયું. તળાવનું પાણી જો કે રડવા લાગ્યું. પંખીઓએ જોયું...... એક



એક આગેવાનો કહે, '' મંદિરનું પ્રવેશદ્વાર આ બાજુ રાખવાનું'' બીજા કહે, ''મંદિરના દરવાજા સાગના લાકડાના....'' ને પછી ચર્ચા વધતી ગઈ. ઝડા પરના પંખીઓએ સાંભળ્યું. નવાઈ લાગી. કાબર બેન કહે, ''અહી મંદિર બનાવવા દેવાય જ નહી.'' ''હા, મંદિર બનાવે તો આપણે કયાં જઈશું ?'' કહીને કોયલબેન ટૌકી રહ્યા.

ખિસકોલી કહે, ''આપણે મંદિર તો બાંધવા દઈશું જ નહિ. જે થાય તે જોઈ લઈશું.'' કહીને ગુસ્સો કર્યો... થોડીવાર બાદ શાંત થયા.

ચકરાણા કંઈ ઓછા જાય એવા હતા ? તેમણે કહ્યું, ''આપણે ભેગા થઈશું. એક થઈશું પછી એ લોકોને મંદિર બાંધવાનો વિચાર પણ નહિ આવે.'' કહીને ગુસ્સો કર્યો... થોડીવાર બાદ શાંત થયા.

દિવસો પસાર થયા.

ગામમાં વાત ફેલાઈ ગઈ. ગામ આગેવાનો મૂંઝાયા. પંખીઓ પર ગુસ્સે થયા. સરપંચ તે શુકદેવજી. મનમાં થયું, '' આ પંખીડા શું સમજે ?'' ને બીજા દિવસે સવારે તળાવતીરે ગયા. ઝાડ પર નજર કરી. પેલો ચતુર કાગડો ત્યાં જ હતો. સમજી ગયો....... કા..કા..કા...કા કરીને શુકદેવજીભાઈ પર તૂટી પડયા. બીજા કાગડાને બીજા કાગડાને પક્ષીઓ તેની મદદે આવ્યા. શુકદેવભાઈ ત્યાંથી જીવ લઈને નાઠા. ત્રીજા દિવસે બીજા આગેવાનો તળાવતીરે ગયા. તેમની પણ આવી જ દશા કરી. વીલા મોંએ તળાવથી પાછા ફર્યા.

દિવસો વિતવા લાગ્યા. રવિવાર હતો. દસેક વાગે ગામચોરો ભરાયો. પેલા ચતુર કાગડાને ખબર પડી ગઈ. તે તો બીજા પંખીઓને લઈને ગામચોરે ઉપડયો. પંખીઓએ કલશોર કરી મૂકયો. ગામના આગેવાનોને ચર્ચા કરવાની તક જ ન મળી. પરભુ પૂજારી હાજર હતા. કહ્યું, ''આ પંખીઓને પણ સાંભળો.''

''હે પુજારીજી ! ા પંખીઓને શું સાંભળવાનું ? તેઓ આપણા કંઈ માલિક ઓછા છે ?'' સરપંચે પ્રશ્ન કર્યો. બાદ શાંત થયા.

બધા પંખીઓ શાંત થયા. ચતુર કાગડાએ કહ્યું, ''હે ગામજનો ! તમારે મંદિરની શી જરૂર છે ? ગામમાં તો મંદિર છે. તળાવ તો છાંયો કયાં મળવાનો છે ? આપણને લાકડું, ફળ -ફૂલો કયાંથી મળશે ? વૃક્ષો જ સાચાં મંદિર છે..... '' સાંભળીને સૌને નવાઈ લાગી. ગામઆગેવાનોએ મંદિર બાંધવાનો નિર્ણય પડતો મુકયો.

પંખીઓ ઊડતા ઊડતા તળવાતીરે પહોંચ્યા. વૃક્ષો પર બેઠા.

બુદ્ધિશાળી કાગડો. તેણે યુકિત કરી. પક્ષીઓને કહ્યું, ''તળાવ પૂરવા આવે તેમના પર તૂટી પડવાનું....'' પક્ષીઓને વિચાર ગમ્યો.




બીજા દિવસે પેલા મજૂરો આવ્યા. તેમના પર પંખીઓ તૂટી પડયા. કોદાળી... પાવડા...વગેરે મૂકીને નાઠા. ગામ ભેગા થઈ ગયા.

વૃક્ષો ખુશ થયા.... તળાવને પણ સમાચાર કહ્યા....તળાવ જાણે કે ખુશ હસવા લાગ્યું. પરમા પૂજારીની આનંદની સીમા ના રહી.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧) મનને શુધ્ધ કરવા સંતોનો સમાગમ કરવો.
૨) પાપવાસના અજ્ઞાનમાંથી જાગે છે. અજ્ઞાનનું મૂળ અહંકાર છે.
૩) શ્રી કૃષ્ણ ભગવાનને જે પ્રાણ અર્પણ કરે છે તેને પાપ કરવાની ઈચ્છા થતી નથી.
૪) પાપી મનુષ્ય ભકિતથી જેવી પવિત્ર થાય છે. તેવો શમ, દમ, તપ, વગેરેથી થઈ શકતો નથી.
૫) સતત પ્રતિશ્વાસે શ્વાસે ભગવત સ્મરણ રાખે, તો મનુષ્ય પાપ કરી શકતો નથી.
૬) અજ્ઞાનનો નાશ જ્ઞાનથી જ થાય છે. એ જ્ઞાનને સતત ટકાવી રાખવા પ્રાણ તે કૃષ્ણાર્પણ કરો. અજ્ઞાનનો નાશ ન થાય ત્યાસુધી વાસનાનો નાશ થતો નથી. વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી પાપ અટકતુ નથી.
૭) ઈન્દ્રિયોને રોકવાથી નહી પરંતુ પ્રભુ પ્રત્યે વાળવાથી વાસનાનો વિનાશ થાય છે.
૮) પ્રભુના મંગલમય સ્વરૂપનું ધ્યાન-જય કરવાની આદત પાડો.
૯) સેવા, જપ, ધ્યાન આ રોજ કરો. આ ત્રણ સાધન તમારી ન થાય તો એક સાધનમાં દઢ નિષ્ઠા રાખો.
૧૦) મનશુધ્ધિ પરમાત્માનાં ધ્યાનથી થાય છે. રોજ ધ્યાન કરો. ધ્યાનમાં એકાગ્રતા ન થાય તો નામ સ્મરણની જરૂર છે. આ પણ ન થાય તો આપ એકને પકડી રાખો.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧)ભારતમાં સર્વપ્રથમ અંગ્રેજ કેળવળી આરંભ કોના સમયમાં થયો?-લોર્ડ વિલિયમ લેન્ટિક
૨) ભારતમાં કઈ સાલમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનનો અંત આવ્યો?-૧૮૫૮
૩) ભારતમાં કોના સમયમાં મુબંઈ, મદ્રાસ અને કોલકતામાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ?-લોર્ડ કેનિંગ
૪) ભારતમાં બંગાળા પ્રાંતમાં પહેલીવહેલી વસ્તીગણતરી કોણે કરાવી હતી?-લોર્ડ મેયો
૫) સમગ્ર ભારતમાં પહેલીવહેલી વસતીગણતરી કોણે કરાવી હતી?-લોર્ડ રિપન-૧૮૮૧
૬) ભારતમાં 'સ્થાનિક સ્વરાજય પિતા' કોણ ગણાય છે?-લોર્ડ રિપન
૭) બ્રિટિશ ભારતના છેલ્લા ગવર્નર જનરલ કોણ હતા? -લોર્ડ માઉન્ટગેટન
૮)બ્રહ્મો સમાજના સ્થાપક કોણ હતા?-રાજા રામમોહનરાય
૯)'વેદ તરફ પાછા વળો' નું સુત્ર કોણે આપ્યુ?- સ્વામી દયાનંદ સરસ્વતી
૧૦) સ્વામી વિવેકાનંદે કઈ સંસ્થાની સ્થાપની કરી?-રામકૃષ્ણ મિશન

# ઝળહળ ઝાકળ


લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## પ્રસન્નતાનો ઝરો

આનંદ માનવીનો મૂળ ભૂત ગુણ છે. છતા દરેક લોકો હંમેશા આનંદમાં નથી રહેતા,તેનુ કારણ શું? -આપણી આશાઓ, અપેક્ષાઓ વધારે પડતી હોય છે. જે આનંદ આડેની મોટા મોટી અડચણ છે. અપેક્ષાઓ ઘટતી જાય, તેમ પ્રસન્નતા વધતી જાય, ઘણીવાર સામેની વ્યકિતની વ્યસ્તતા, શકિત, ક્ષમતા, અનુભવ, ઈચ્છાશકિતને જાણ્યા, તપાસ્યા વિના આપણે તેની પાસે અપેક્ષા રાખવી છીએ અને પછી દુઃખી થઈએ છીએ.

પ્રસન્નતા તો આત્માનો ઝરો છે!

# આ શબ્દ ચિત્રો જોઈને દોરતા શીખો




# આત્મપ્રકાશ પામો ! -આલ્બર્ટ સ્વાઈત્ઝર

તમને મળેલા અસંખ્ય વરદાનોમાં
સૌથી મહાન વરદાન છે તમારુ જીવન.
શેરડીના કોઠર લાગતા સાંઠામાં જેમ મધુર રસ હોય છે. એ જ રીતે તમારા જીવનમાં ચેતના છલકાઈ રહી છે. અંદર ઉતરીને એનો પરિચય કો.
તમારી જાતને બદલતા રહો,
ક્ષણે ક્ષણે બદલતા રહો,
જડ બનીને બેસી ન રહો.
આપણે જડ નથી-ચેતન માનવી છીએ.
માટે જ દીપકની જેમ
પળે પળે અધિક પ્રજવલિત થઈને
આત્મપ્રકાશ મેળવવો પડશે.


**પોતાની ઓળખ -બબાભાઈ પટેલ**

તમારી પાસે શારીરિક તાકાત હોય,બુધ્ધિ હોય, કારીગરી હોય, પૈસા હોય, ચીજવસ્તુઓ હોય, વ્યકિતઓ હોય, સતા હોય, કીર્તિ હોય,તો તમે તેને કેવો ઉપયોગ કરશો તેનો આધાર ' તમે' શું છો તેના પર રહે છે. બુધ્ધિ,સતા, કીર્તિ, પૈસા, ચીજો, શારીરિક તાકાત વગેર તમારી શકિત દર્શાવે છે. એ શકિતનો ઉપયોગ તમારામાં રહેલો ' રાવણ'કરે તો તે અનર્થો સર્જે,તમારા અને અન્ય માટે દુઃખ ઉભુ કરે, પણ જો એ શકિતનો ઉપયોગ તમારા રહેલો 'રામ' કરે તો તમારા અને અન્ય માટે સુખ સર્જે,ખંડનાત્મકને બદલે સર્જનાત્મક કાર્યો કરે.
તમે જે કંઈ(રામ કે રાવણ) હોય તેની પ્રથમતો ઓળખ મેળવવી જોઈએ. તેવી ઓળખાણ વિના તમે ગમે તેટલી શારિરીક શકિત અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરો,સૌદર્ય ધરાવો, ગમે તેટલી બૌધ્ધિક શકિતઓ એકઠી કરો, ગમે તેટલા ધન-સંપતિ અને ચીજવસ્તુઓના માલીક બનો, ગમે તેટલા નોકર, ગમે તેવા પત્ની કે પતિ, બાળકો તથા મિત્રો ધરાવો, ગમે તેટલા મોભો કે ગમે તેટલી સતા પ્રાપ્ત કરો, ગમે તેટલો આરામ,આનંદ-પ્રમોદ મેળવો, વિવિધ પ્રકારના અનુભવો મેળવો, તોપણ તે તમારા માટે નિરુપયોગી જ નહિ, પણ તમારા તથા બીજાઓ માટે જોખમી બનશે, શાપરૂપ નીવડશે.

જયાં શકિત છે, પણ વિવેકદ્રષ્ટિ નથી, યોગ્ય લગામ નથી, ત્યાં એ શકિતનો અકસ્માત જ સર્જેછે. જેમ એન્જિન જોરદાર હોય, પણ તેનો ડ્રાઈવર બેદકાર કે આવડતહીન હોય તો તેવુ એન્જિન ગાડી માટે જોખમરૂપ બને. એન્જિન જેટલુ વેગવાળુ હોય તેટલો અકસ્માત પણ ગંભીર હોવાનો,આપણે વગર વિચાર્યે, પોતાને ઓળખ્યા વિના જ, કહેવાતી પ્રગતિ કરીએ છીએ.સિધ્ધિઓ હાંસલ કરીએ છીએ, છતા આપણા જીવનમાં સતત કંઈ ખૂટયા કરે છે, અધૂરાપણુ વધ્યા કરે છે, પૂર્ણતાનો અનુભવ બાજુ એ રહ્યો પણ પૂર્ણતા તરફની ગતિ પણ થતી નથી. અપૂર્ણતા, ખાલીપણુ, અસલામતી, ભય, અશાંતિ, સંઘર્ષ, દુઃખ, નિરાશા તરફની દિશામાં જતા હોઈએ તેવુ લાગ્યા કરે છે.

આપણે હજારો માઈલની મુસાફરી કરવી હોય ો આરંભ કયાંથી કરીએ છીએ? પહેલુ ડગ તો આપણે જયા ઉભા હોઈએ ત્યાંથી જ ભરીએ છીએ ને? તેવી જ રીતે આપણે કશું પણ કરતા પૂર્વે આપણી જાતને-પછી ભલે તે ગમે તેવી હોય-તેને ઓળખવી જોઈએ. આખી જીંદગી જેનો આપણે ઉપયોગ કરીએ તેની ગુણવતાને, તેના તંત્રને, તેની નિર્બળતાન તથા સબળતાને જો ઓળખીએ જ નહિ, તો તો આખુ કોળુ જ શાકમાં ગયા જેવુ થાય.

## પ્રસાદ



: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

# મેઘધનુષ

ઈલેકટ્રોનિક ગેસ લાઈટમાં બેટરી હોતી નથી, વીજળીનું કનેકશન પણ હોતું નથી. કોઈ બીજો પાવર સપ્લાય હોતો નથી - તો પછી ચુલો સળગાવવા માટેનો તણખો શી રીતે ઝરે છે ?

ઈલેકટ્રોનિક ગેસ લાઈટરને સામાન્ય પાવર સપ્લાય આપવો પડતો નથી કેમકે જે વ્યકિત આવું સાધન વાપરતી હોય એ જે તેને પોતાની આંગળી કે અંગૂઠા વડે પાવર આપે છે ! લાઈટરમાં રહેલા સ્ફટિકના ટુકડાને અમુક હદનું દબાણ મળે ત્યારે પિઝોઈલેકિટ્રક ઈફેકટ કહેવાતી અસરને લીધે વીજળીઓ તણખો પેદા થાય છે. (પિઝો શબ્દ ગ્રીક ભાષાનો છે જેનો અર્થ છે - દાબવું) સ્ફટિકોને અપાતું દબાણ તેના પોઝિટિવ તથા નેગેટિવ વીજભારનાં આયનોને છૂટા છે. બેટરીની જેમ સ્ફટિકમાં પણ બંને વીજભારનું પ્રમાણ એકસરખું હોતું નથી, એટલે તેમના વચ્ચે સમતુલા પેદા કરવા માટે ેકરનટ ઓછા વીજભાર તરફ વહે છે.

ટૂંકમાં, વીજળીનો સ્પાર્ક જન્મે છે અને તે પણ અનેક વોલ્ટ જેટલો ! દા.ત. સ્ફટિકના ૧ ચો.સેમીના ટુકડાને ૪૪૫ કિલોગ્રામનું દબાણ અપાય તો એ ૨૫,૦૦૦ વોલ્ટ જેટલી વીજળી ક્ષણવાર માટે છૂટી કરે છે ! આના કરતાં તો એ કયાંય ઓછી વીજળી ચૂલાના બર્નરને પેટાવવા માટે પૂરતી છે.


# આ મારું ચિત્ર છે





કાવ્યા વિનુભાઈ નિમાવત.
(ધોરણ-૭, પાણિયા પ્રા.શાળા)




ટુડિયા હેમાંશી કમલેશભાઈ
(ધોરણ - ૮ એ, પાણિયા પ્રાથમિક શાળા)




નાંઢા ધ્રૂવી ચંદ્રેશભાઈ
(ધોરણ-૮, પી.એન.વોરા વિદ્યાનીકેતન પ્રા શાળા)





દાફડા જાનવી જયંતીભાઈ
(ધો.૬, રૂપાયતન સ્કુલ અમરેલી)

# અમરેલી તાલુકા કક્ષાનાં યોગ દિવસની તરવડા ખાતે ઉજવણી










આજે વિશ્વ યોગ દિવસે અમરેલી તાલુકાકક્ષાના યોગ દિવસની ભવ્ય ઉજવણી શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ તરવડા ખાતે થઈ હતી. ગુરૂકુલનાં ભવ્ય અને દિવ્ય પ્રાંગણમાં પૂ. સંતો, મહાનુભાવો તથા ગુરૂકુલમાં સંસ્કાર યુકત શિક્ષણ લઈ રહેલા ૨૦૭૬ ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે તરવડા ગુઢકુલનાં સંચાલક પુરાણી કૃષ્ણ પ્રિયદાસ જીસ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભારતીય સંસ્કૃતિમાં યોગનું મહત્વ સમજાવ્યું હતું. તથા ગુરૂકુલનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ તેમજ અમરેલી મામલતદાર એમ. નિમાવતે યુવાનોને યોગ તરફ વળવા તેમજ એકાગ્રતા કેળવવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે અમરેલી ટી.ડી.ઓ ડી.એચ. પંડયા, વનરાજભાઈ કોઠીવાળ (પૂર્વ પ્રમુખ તા. પં. અમરેલી), આશિષભાઈ અકબરી (દંડક, તા.પં. અમરેલી), રાજુભાઈ કાછડિયા (સદસ્ય, તા.પં. અમરેલી), કમલેશભાઈ રાવલ, સુમિતભાઈ કાલરિયા (યોગ શિક્ષક) વગેરે અધિકારીઓ તથા ગુઢકુલના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સર્વે મહાનુભાવો ગુરૂકુલના વિશાળ પ્રાંગણમાં ૧૮૫૦ વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ યોગ કરતા જોઈ સૌ મંત્રમુગ્ધ બની ગયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું સસરાએ પુત્રવધુને

આરોપી સસરાએ મહિલાને કહેલ કે છ મહિના પહેલા તે સોનાના દાગીના જમાઈ મગનભાઈ હરજીભાઈને આપી દીધા છે, જેથી હવે તું અમારે જોઈતી નથી. તેમ કહી સસરાએ પુત્રવધુને ગાળો આપી પોતાની પાસે રહેલ જાડી લાકડીનો એક ઘા મહિલાના જમણા હાથના કાંડા પાસે મારી બાદ બીજો ડાબા પગે પીડી ઉપર મારતા તેણી નીચે પડી જતા લાકડી લઈ એક ઘા બરડા તથા ડોક ઉપર મારેલ જમણા હાથના કાંડાના ભાગે ફેકચર કરી દીધાની ફરિયાદ નોંધાય છે.

## પાના ૮ ઉપરનું ચાલું નાની કુંકાવાવમાં ગેસની પાઈપ

આ બનાવ જાણવા મળતી વિગત મુજબ કુંકાવાવ તાલકુાના નાની કુંકાવાવ ગામે રહેતા મધુભાઈ અરજણભાઈ ધાધલના ઘરે બપોરના સમયે ગેસના ચુલા ઉપર ચા બનાવવા જતા કોઈ કારણોસર ગેસની નળી લીકેઝ હોવાના કારણે અચનાક જ અકસ્માતે ભડકો થતા ઘરમાં હાજર રહેલા ગોકુલ મધુભાઈ ધાધલ, ક્રિશ મધુભાઈ ધાધલ તથા ધાર્મિક રામજીભાઈ ધાધલ નામનાં ત્રણ લોકો દાઝી જતા ત્રણેયને સારવાર માટે અત્રેના દવાખાને સારવાર માટે ખસેડાયાનુ જાણવા મળેલ છે. જો કે આ બનાવમાં ગેસ લીકેઝના કારણે મકાનમાં કે અન્ય કોઈ નુકશાન થયેલ છે કે કેમ? તે જાણી શકાયુ નથી.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભામાં ખેડૂતની જમીન પચાવી પાડવાની

૬–૮૩–૭૭ જમીન છે જે જમીન વર્ષોથી તેમના બાપ દાદાની હોય. ત્યારે પહેલાના જમાનામાં શિક્ષણનો અભાવ હોય ત્યારે ખેડૂતો પાસે જાજી જમીન હોય તેમની જમીન ટોચ મર્યાદામાં જતી રહેશે એવા ભયના કારણે દામજીભાઈ માલણકીયાએ તેમના સગા બનેવી મોહનભાઈ હરજીભાઈ કળસરિયાને પોતાની જમીન ટોચ મર્યાદામાં કે સરકાર લઈ ન લે માટે થઈ અને એ એકમાત્ર હેતુસર દસ્તાવેજ કરી આપેલ હતો અને આ જમીનનો કબજો કયારેય પણ દામજીભાઈએ કોઈને આપેલ નથી અને પોતાની પાસે જ રાખ્યો છે. ત્યાર બાદ મોહનભાઈ કળસરિયાએ આ જમીનનું બાનાખત દામજીભાઈ માલણકીયાને કરી આપેલ હતું અને બંને સગા સાળા–બનેવી હોય અને બંનેને એકમેક પર અતૂટ વિાસ હતો જેથી ફરી વેચાણ દસ્તાવેજ કરેલ ન હતો. કારણકે જમીનનો કબજો પહેલેથી જ દામજીભાઈ પાસે હતો અને છે ત્યારે મોહનભાઈનું અવસાન થતા કાયદાની જોગવાઈ પ્રમાણે આ જમીનમાં વારસાઈ નોંધ દાખલ થઈ હતી અને તેમના વારસાઈ નામ જમીન રેકર્ડ પર દાખલ થતા દામજીભાઈ માલણકીયાને વારસદારો સામે તકરારો થયેલી અને ત્યારબાદ અપીલો અને દલીલો થયેલી કે અરસામા તેમના વકીલ સરોજબેન જોશીએ આ જમીનના વારસદારો પાસેથી જમીનનો કબજા વગર દસ્તાવેજ કરાવી લીધો હોય અને કાયદાના દર્શાવ્યા પ્રમાણે દસ્તાવેજની વ્યાખ્યા એવી છે કે દસ્તાવેજ ત્યારે જ ગ્રાહ્ય ગણાય જયારે વેચાણની અવેજ આપવામાં આવે અને કબજો આપ લે કરવામાં આવે અને સોંપવામાં આવે. પરંતુ આ જમીન માથાભારે વકીલ અને તેમના મળતીયાઓ દ્વારા પચાવી પાડેલ હોય અને અવારનવાર હાલ કબજેદાર ખેડૂત દામજીભાઈ માલણકિયાની ઉપર લુખાગીરી કરવામાં આવતી હોય. ત્યારે આવા ભૂમાફિયાઓ સામે ખાંભાના ખેડૂતો અને પ્રજાપતિ સમાજ દ્વારા બહોળી સંખ્યામાં રેલી સ્વરૂપે ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આવા ભૂમાફીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી. પોલીસ દ્વારા એક તરફી કાર્યવાહી કરવામાં આવતી હોવાનો આક્ષેપ પણ ખેડૂત દ્વારા કરવામાં આવ્યો હતો અને ખેડૂત ખાતેદારને પોલીસ રક્ષણ આપવાની માંગ પણ કરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી પાલિકા ખાતે

પદાધિકારીઓ સહિતનાઓએ ડોર–ટુ–ડોર કચરા કલેકશન ૧૧ વ્હીકલ, રોડ સ્વીપર મશીન–૨, ટ્રેકટર વીથ ટ્રોલી–૨, રોબોટ જેસીબી વાહન–૧ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ.

અમરેલી નગરપાલિકા ખાતે સફાઈ માટેના નવા વાહનોના લોકાર્પણ કાર્યક્રમમમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડક વેકરિયાએ જણાવ્યુ કે, રોડ સ્વીપર, ડોર–ટુ–ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના નવા વાહનો થકી શહેરની સ્વચ્છતા વધારવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં ઉમેરો થશે. રાજય સરકાર દ્વારા અમરેલી નગરપાલિકાને નવા વાહનોની ફાળવણી કરવા બદલ રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

અમરેલી નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ અંતર્ગત શહેરી સ્વચ્છતામાં વધુ મદદ અર્થે રૂા. ૧,૯૫,૭૦,૫૯૨ની કિંમતના વિવિધ વાહનોની ફાળવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રોડ સ્વીપર, ડોર–ટુ–ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના નવા વાહનોની મદદ થકી શહેરમાં સ્વચ્છતાલક્ષી વધુ સારી અને ગુણવત્તા સાથેની સેવા પૂરી પાડવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં પણ ઉમેરો થશે.

રોડ સ્વીપર, ડોર–ટુ–ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન ધરજીયા, અગ્રણી મુકેશભાઈ સંઘાણી સહિતના પદાધિકારીઓ–અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં વરસાદ ખેંચાતા શાકભાજીનાં ભાવો

શરૂઆતથી જ શાકભાજીની અછત જોવા મળતી હતી જેને લઈ શાકભાજીમાં ભાવ વધતા જોવા મળ્યા હતા. વળી સામાન્ય કરતાં કેરીનો પાક ઓછો આવતાં ભીમ અગિયારસ પછી કેરી પણ માર્કેટમાં ઓછા પ્રમાણમાં જોવા મળી રહી છે.

અમરેલીમાં શાકભાજીના ભાવ જોઈએ તો રીંગણાંના ભાવ એક કિલ્લોના રૂપિયા ૮૦ તો બટેટાના પણ ૪૦ રૂપિયાનો ભાવ છે. ગુવારનો એક કિલ્લોનો ભાવ ૧૨૦ છે તો ભીંડા, ચોળીનો ભાવ પણ રૂપિયા ૧૨૦ છે. જયારે કોબીનો ભાવ પણ ૪૦ છે, જયારે ટમેટા પણ ૮૦ રૂપિયાના ભાવે વેચાય છે.

ત્યારે હજુ પણ આગામી સમયમાં વરસાદની સિઝનમાં શાકભાજીની આવક ઘટી જશે ત્યારે લોકોને શાકભાજીના બદલે કઠોળ ખાઈને દિવસો પસાર કરવા પડશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી ખાતે મનોરમ્ય વાતાવરણમાં

સ્પોર્ટસ સ્કૂલના વિદ્યાર્થીઓ સહિત ઉજવણીમાં જોડાયા હતા. વિવિધ યોગાસન પ્રસ્તુતિ થકી વાતાવરણ યોગમય બન્યું હતુ.

યોગ થકી આપણી આંતરિક સુખાકારી વધે છે. યોગ એ તણાવમુકત, આરોગ્યપ્રદ જીવનશૈલી માટે ઉત્તમ ઉપાય છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં તમામ તાલુકાકક્ષાએ પણ ઉત્સાહભેર યોગ દિવસ ઉજવણી થઈ હતી.

૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રસંગે વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, આજે સમગ્ર વિ યોગમય બન્યું છે, યોગ એ આપણી પ્રાચીન ઋષિ પરંપરાની અમૂલ્ય ભેટ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંનિષ્ઠ પ્રયાસો થકી સમગ્ર વિમાં યોગનું મહત્વ પ્રસ્થાપિત થયું.

અમરેલી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય, અમરેલી–વડીયા–કુંકાવાવ પ્રાંત અધિકારી નાકિયા, પોલીસ અધિકારીઓ, પોલીસ જવાનો, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમ ફુમકિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરમાર સહિત સૌ અધિકારી–કર્મચારીઓ જોડાયા હતા.


## અમારા કહ્યામાં નથી.....



બાજુમાં દર્શાવેલ તસ્વીર **વ્રજ રાહુલભાઈ રીબડીયા**, મુળ બાબાપુર નિવાસી, હાલ અંકલેશ્વર રહેતા, છેલ્લા ઘણા સમયથી અમારા કહ્યામાં ન હોય, જેથી તેમની સામે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી. આમ છતા પણ જો કોઈ ઈસમ તેમની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. જેની સર્વોએ નોંધ લેવા વિનંતી.

લી.
રાહુલભાઈ પ્રવિણભાઈ રીબડીયા
રહે.અંકલેશ્વર



## :: જાહેર નોટીસ ::

**મોજે.–તોરી ગામ, તાલુકો–કુંકાવાવ/વડિયા, જીલ્લો–અમરેલી રેવન્યુ સર્વે નંબર–૩૦૧/૧ પૈકી ૧, ના હે.આરે.ચો.મી. ૨–૪૨–૮૧ વાળી જમીનના ખાતા નંબર–૨૩૫**

અમો યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે–તોરી ગામ, તાલુકો–કુંકાવાવ/વડીયા, જીલ્લો–અમરેલી ના **ખાતા નંબર–૨૩૫**, ના **રેવન્યુ સર્વે નંબર–૩૦૧/૧ પૈકી ૧, ના હે.આરે.ચો.મી. ૨–૪૨–૮૧** વાળી પિયત વાળી ખેતીની જમીન (૧) **શ્રી ભીખુભાઈ મોહનભાઈ ડાંગર** ના સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનુ જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનુ નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સ નો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ખેતી/ ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/ બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ વાંધો–તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦(દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવમાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ–૨૧/૦૬/૨૦૨૪**
**કુંકાવાવ મોટી**
**શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,**
**મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જી.અમરેલી**

**યોગેશભાઈ ડી. દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૧૫ | ૨૫૪૫ |
| ૪ | ચણા | ૧૧૭૨ | ૧૩૦૮ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ૬ | જીરૂ | ૪૩૯૫ | ૫૫૦૫ |
| ૭ | એરંડા | ૯૮૫ | ૧૦૦૫ |
| ૮ | મગ | ૧૪૦૫ | ૧૪૫૫ |
| ૯ | બાજરો | ૪૦૬ | ૪૨૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૧ | ૧૧૮૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૫૦ | ૧૮૬૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૮૧ | ૧૬૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૮૦૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૦૬૯ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૨૭ |
| ૯ | જુવાર | ૩૭૦ | ૯૧૭ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૬૨ | ૬૧૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૩ | ૫૭૭ |
| ૧૨ | મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| ૧૩ | મગ | ૧૫૮૩ | ૧૬૨૪ |
| ૧૪ | અડદ | ૧૮૦૫ | ૧૮૫૧ |
| ૧૫ | ચણા | ૧૨૫૨ | ૧૩૧૭ |
| ૧૬ | તુવેર | ૧૬૬૦ | ૨૨૫૧ |
| ૧૭ | વાલ | ૭૯૮ | ૭૯૮ |
| ૧૮ | કપાસ | ૮૮૨ | ૧૫૦૦ |
| ૧૯ | એરંડા | ૮૯૫ | ૧૦૭૯ |
| ૨૦ | જીરૂ | ૨૦૦૦ | ૫૪૫૦ |
| ૨૧ | રાય | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૩૯૧ |
| ૨૩ | મેથી | ૧૦૦૦ | ૧૧૨૬ |
| ૨૪ | સોયાબીન | ૮૧૮ | ૮૭૬ |
| ૨૫ | રજકાનું બી | ૩૧૭૫ | ૫૦૦૦ |
| ૨૬ | કાંગ | ૮૫૦ | ૮૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૫ | ૧૩૯૬ |
| ૨ | મગફળી | ૧૦૯૯ | ૧૧૫૫ |
| ૩ | ઘઉ | ૫૧૪ | ૫૧૪ |
| ૪ | ચણા | ૧૦૦૫ | ૧૨૭૫ |
| ૫ | તુવેર | ૧૭૮૦ | ૧૭૮૦ |
| ૬ | મગ | ૧૩૪૦ | ૧૬૨૬ |
| ૭ | તલ | ૨૨૯૦ | ૨૪૫૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૨૬૦ | ૧૫૫૨ |
| ૯ | સોયાબીન | ૮૪૮ | ૮૬૪ |
| ૧૦ | જુવાર | ૪૮૫ | ૭૦૦ |
| ૧૧ | અડદ | ૧૩૫૦ | ૧૭૮૫ |
| ૧૨ | ધાણા | ૧૧૫૩ | ૧૨૩૦ |
| ૧૩ | એરંડા | ૧૦૭૧ | ૧૦૭૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૮૧ |
| ૩ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૫૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૫૦ |
| ૬ | જીરૂ | ૪૫૦૦ | ૫૫૪૦ |
| ૭ | કપાસ | ૧૨૨૦ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૫૦૫ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૮૮૦ |
| ૧૨ | મગ | ૧૫૨૫ | ૧૬૬૦ |
| ૧૩ | અડદ | ૧૮૫૦ | – |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૩૩૦ |
| ૧૫ | તુવેર | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૭ | ધાણા | ૯૫૦ | ૧૩૦૦ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ૩ | ધાણા | ૧૦૨૫ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૩ | ૪૯૫ |
| ૬ | જુવાર | ૪૬૦ | ૬૨૫ |
| ૭ | તલસફેદ | ૧૬૨૦ | ૨૫૧૫ |
| ૮ | શીગફાડા | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૯ | સોયાબીન | ૮૩૨ | ૮૫૦ |
| ૧૦ | મગ | ૧૩૨૫ | ૧૫૫૦ |
| ૧૧ | રાયડો | ૮૧૫ | ૮૧૫ |
| ૧૨ | મગફળી | ૮૦૦ | ૧૦૫૩ |
| ૧૩ | તુવેર | ૧૭૬૫ | ૧૭૬૫ |
| ૧૪ | અડદ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૫ | મેથી | ૮૫૦ | ૮૫૦ |
| ૧૬ | લસણ | ૧૨૪૫ | ૧૨૪૫ |
| ૧૭ | મકાઈ | ૩૩૨ | ૫૨૫ |
| ૧૮ | શીંગદાણા | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૧૯ | ડુંગળી | ૩૦૫ | ૩૦૫ |


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૫૦ |
| ૩ | કપાસ | ૧૧૫૧ | ૧૪૮૫ |
| ૪ | બાજરો | ૪૧૫ | ૪૭૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૪૦૨ | ૮૯૦ |
| ૭ | મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| ૮ | મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૯ | અડદ | ૧૯૬૦ | ૧૯૬૦ |
| ૧૦ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૧૬ | ૧૦૧૬ |
| ૧૨ | જીરૂ | ૩૫૦૦ | ૫૩૦૧ |
| ૧૩ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | ચોળી | ૫૦૧ | ૫૦૧ |
| ૧૫ | સોયાબીન | ૮૭૧ | ૯૦૦ |
| ૧૬ | સુર્યમુખી | ૭૦૧ | ૭૯૧ |

# અમરેલી : શ્રીમતી એસ એચ ગજેરા કેમ્પસમાં ૧૦માં વિશ્વ યોગ દિવસની ઉજવણી







શ્રીમતી એસ.એચ. ગજેરા વિદ્યાલય કેમ્પસમાં આજરોજ ૧૦માં વિશ્વયોગદિનની ઉપસ્થિત મહેમાનો, વિદ્યાર્થી ભાઈ–બહેનો અને સ્ટાફ ૩૬૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ની વિશાળ સંખ્યામા ઉપસ્થિતમાં ભવ્ય અને જોમ–જુસ્સો સાથે ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વમાં વર્ષ ૨૦૧૫થી ભારતીય સંસ્કૃતિના મહાન વારસાને વિશ્વ દેશોએ સ્વીકાર્યો યોગ એ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અનંત ઉપયોગી છે. માણસનુ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને લાંબુ જીવન જીવી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે તેવી ભાવનાથી ઋષિઓએ યોગની શિક્ષા આપી હતી. તન મન અને બુધ્ધિને શકિત શાળી અને મજબૂત બનાવી સુખ શાંતિ પ્રસન્નતાથી જીવન જીવી અન્ય માટે પ્રેરણા બની રહે તેવી શુભ ભાવનાઓ આ યોગ પાછળ રહેલી છે. જુદી જુદી પ્રકારના આસનો પ્રાણાયમની ક્રિયાઓ નિયમિત કરવાથી શરીર અને મન તંદુરસ્ત બને છે. એકાગ્રતા અને યાદશકિત વધે છે. જીવનમાં પોઝિટિવ એનર્જીનો સંચાર થાય છે. શાળાના યોગ દિવસ શિક્ષકો દ્વારા કોમન યોગ પ્રોટોકોલ અભ્યાસથી યોગ આસનો તથા પ્રાણાયામ કરાવ્યા હતા. બ્રહ્મકુમારી કિંજલ દીદીએ મન અને બુધ્ધિની શાંતિ માટે ધ્યાન યોગ કરાવ્યા હતા તેમજ વ્યસન મુકિત માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉદબોધન કરતા કેમ્પસ ડાયરેકટર પેથાણી દ્વારા જણાવ્યુ હતુ કે તમામ બાળકો નિયમિત યોગા પ્રાણાયામ ધ્યાન દ્વારા માનસિક રીતે મજબૂત બને તંદુરસ્ત રહે અને એક શ્રેષ્ઠ નાગરિક બની શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરવામાં હર હંમેશા કટિબંધ છે. વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયમાંથી કિંજલ દીદી અને અર્ચના દીદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આમંત્રિત એલ પી સી ટીના પ્રમુખ દિનેશભાઈ ભુવા, ગોપાલભાઈ કચ્છી, રાજેશભાઈ મેહુલભાઈ બાબરીયા, સંસ્થાના મંત્રી ચતુરભાઈ કુંઢ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી યોગા પ્રોટોકોલ અભ્યાસમાં જોડાયા હતા. પ્રમુખ વસંતભાઈ ગજેરા એ કાર્યક્રમમાં જોડાયેલા તમામ સ્ટાફ સ્ટુડન્ટને અભિનંદન પાઠવેલા હતા.

### બેકારીનાં માહોલમાં ચોરીની ઘટના વધી

## ધારીનાં ગઢીયા ગામનાં ખેડૂતના મકાનમાંથી ૪૨૯૦૦નાં મુદ્દામાલની ચોરી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૧

ધારી તાલુકા ગઢીયા ગામે રહેતા પ્રવિણભાઈ ઈસુભાઈ ધાખડા નામનાં ૨૫ વર્ષિય ખેડુતના રહેણાંક મકાનની અંદર ગત તા.૧૬ના રાત્રીના ૧૧થી ૧૨–૩૦ના સમય દરમ્યાન કોઈ અજાણ્યો ચોરે પ્રવેશ કરી ઘરમાં રહેલ કબાટ ઉપર પડેલ પ્લાસ્ટિકની સુટકેસમાંથી ચાવી લઈ લોખંડાના કબાટની તિજોરીનું તાળુ ખોલી તિજોરી માંથી રોકડા રૂપિયા ૭૦૦૦ એક સોનાનું પેંડલ કિમત રૂપિયા ૧૦,૦૦૦, એક સોનાની સર આશરે કિમત રૂપિયા ૨૫,૦૦૦, તથા ચાંદીના છડા આશરે કિમત રૂ. ૬૦૦ ચાંદીની બે જોડ કડલીયું રૂપિયા ૩૦૦ મળી કુલ કિમત રૂપિયા ૪૨,૯૦૦ ના મુદામાલની ચોરી કરી લઈગયાની ફરિયાદ નોંધાય છે.

## અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા યોગ દિવસની ઉજવણી



અમરેલી,તા.૨૦

ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની સુચના અન્વયે અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકર ભવન કલેકટર કચેરી અમરેલી ખાતે યોગ દિવસ નિમિત્તે યોગનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાનાં મહામંત્રી સંદિપભાઈ સોલંકી, જીજ્ઞેશ દાફડા, કાળુભાઈ પરમાર, જીતુભાઈ બથવાર, પરેશભાઈ દાફડા, હરીભાઈ ડાભી, હિરાભાઈ મકવાણા, શરદભાઈ મકવાણા, મહેન્દ્ર ભાઈ ચાવડા , પ્રવિણભાઈ મકવાણા સહિત તમામ આગેવાનો સાથે મળીને જુદા જુદા યોગ કરીને યોગ વિશે માહિતી મેળવીને શરીરને સ્વસ્થ રાખવા યોગ જરૂરી છે એટલે દરરોજ નિયમિત યોગ કરીશું તેવા સંકલ્પ સાથે યોગ દિવસની ઉજવણી કરી હતી.

## વડિયા ખાતે તાલુકા કક્ષાના યોગ દિવસની ઉજવણી

વડિયા, તા. ૨૧

સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂન ના દિવસ ને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ યોગ એ ભારતીય શાસ્ત્રો અને ઋષિમુનિઓના મત મુજબ શરીરીક અને માનસિક સ્વાસ્થ્ય સાઢ રાખવા માટે ખુબ જરૂરી છે. ત્યારે સમગ્ર વિશ્વ માં યોગ દિવસની ઉજવણી થઈ છે તેના ભાગ રૂપે વડિયા કુંકાવાવ તાલુકા કક્ષાનો યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ વડિયા ગ્રામ પંચાયત સંચાલિત સુરગવાળા હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો જેમા વહેલી સવારે છ વાગ્યાં થી સમગ્ર તાલુકા ભરના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારી અને સ્થાનિક લોકો હાજર રહી યોગ કરી ને ઉજવણી કરાઈ હતી આ ઉજવણીમાં તાલુકા વિકાસ અધિકારી જોશી ઈન્ચાર્જ મામલતદાર રાહુલભાઈ,હિતેષભાઈ કુલદીપભાઈ પીએસઆઈ ગળચર સહીત સમગ્ર તાલુકાના વિવિધ વિભાગના કર્મચારીઓ સહીત પાંચસો થી વધુ લોકો જોડાયા હતા. શ્રી સુરગવાળા હાઈસ્કૂલનુ સમગ્ર પટાગણ ભરચક ભરાતા વહેલી સવારે યોગ કરતા લોકોનું સુંદર દ્રશ્ય નિર્માણ થતુ જોવા મળ્યું હતુ

### જીલ્લાભરમાં યોગ દિન કાર્યક્રમો યોજાયા

## લાઠી ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોગ દિન ઉજવાયો

અમરેલી, તા. ૨૧

વિશ્વ યોગ દિવસ નિમિતે અમરેલી જીલ્લામાં યોગ કાર્યક્રમ યોજાયા હતા. લાઠી ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં લાઠી તાલુકાના આગેવાનો, ગ્રામજનો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજુલા તાલુકા કક્ષા યોગ દિન ઉજવણી જે.એ. સંઘવી હાઈસ્કૂલ ખાતે યોગ દિન ઉજવણી સંપન્ન થઈ હતી. આ ઉપરાંત જીલ્લાના અમરેલી, વડીયા– કુંકાવાવ, ખાંભા, બગસરા ધારી, બાબરા, જાફરાબાદ, સાવરકુંડલા, લીલીયા તાલુકાઓમાં પણ તાલુકા કક્ષાના કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી.

## અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા યોગ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૧

ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચા ની સુચના અન્વયે અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકર ભવન કલેકટર કચેરી અમરેલી ખાતે યોગ દિવસ નિમિત્તે યોગ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા ના મહામંત્રી સંદિપભાઈ સોલંકી, જીજ્ઞેશ દાફડા, કાળુભાઈ પરમાર, જીતુભાઈ બથવાર, પરેશભાઈ દાફડા, હરીભાઈ ડાભી, હિરાભાઈ મકવાણા, શરદભાઈ મકવાણા, મહેન્દ્ર ભાઈ ચાવડા, પ્રવિણભાઈ મકવાણા, સહિત તમામ આગેવાનો સાથે મળીને જુદા જુદા યોગ કરીને યોગ વિશે માહિતી મેળવી ને શરીર ને સ્વસ્થ રાખવા યોગ જરૂરી છે એટલે દરરોજ નિયમિત યોગ કરીશું તેવા સંકલ્પ સાથે યોગ દિવસ ની ઉજવણી કરી હતી.

## લીલીયા મોટા ખાતે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે

લીલીયા મોટાલ તા. ૨૧

લીલીયા મોટા ના જલારામ મંદિર ખાતે લોહાણા સમાજ લીલીયાના તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત અને ઉત્સાહ વધારવા માટે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ આવનાર તારીખ ૨૩.૬.૨૦૨૪ રવિવાર ને સાંજના ૬:૩૦ કલાકે જલારામ મંદિર લીલીયા મોટા ખાતે યોજવામાં આવશે આ કાર્યક્રમમાં ધવલભાઈ ભીમજીયાણી બાળકોને માર્ગદર્શન આપશે સાથે આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા રઘુવીર સેનાના અધ્યક્ષ વિશાલભાઈ સોઢા, ભાવેશભાઈ સોઢા,હિતેશભાઈ માનસેતા, પિયુષભાઈ સોનપાલ, સંજયભાઈ વણઝારા, વિશેષ ઉપસ્થિત રહી સમાજના લોકોને માર્ગદર્શન આપશે તેમજ આ સમગ્ર કાર્યક્રમ ના ભોજનના દાતા સ્વ જેન્તીભાઈ.પી.રવાણી હસ્તે કિરીટભાઈ જે રવાણી, વિનુભાઈ જે રવાણી તેમજ તેજસ્વી બાળકોને આપવામાં આવતી કીટના દાતા હંસાબેન હિતેશભાઈ કારીયા તેમજ બીપીનભાઈ રવાણી (પત્રકાર) ઉપેન્દ્રભાઈ નાગ્રેચા છે જયારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના તમામ યુવાનો વડીલો આગેવાનોને સાથ સહકાર આપવા માટે રઘુવીર સેનાના પ્રમુખ કિરીટભાઈ રવાણી દ્વારા આહવાન કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### પૂજારી ચોરી કરે તો કહેવુ કોને

## અમરેલીના વેરાઈમાતાના મંદિરનાં પૂજારી ૧૦ કિલો ચાંદી ચોરીને ફરાર

### સીટી પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી તા.૨૧

ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે રહેતા ચીરાગ પરી હુલ્લાસપરી ગૌસ્વામી નામનાં આરોપી જે પોતે અમરેલી , જુની જેલ પાસે આવેલ વેરાઈમાતાનાં મંદિરનાં પુજારી તરીકે મંદિરની સેવા–પુજા કરતા હોય, ગત તા.૨૫/૫ થી તા.૨૦/૬ના સમય દરમ્યાન વેરાઈ માતાનાં મંદિર અંદરનાં મુખ્ય દરવાજા પરથી તથા નીજ મંદિરમાંથી કુલ આશરે સાડા દસેક કિલો જેટલુ ચાંદીની ખોળ (વરખ) જેનો સને ૨૦૦1 પહેલાના ભાવે કિંમત રૂા.૭૩,૫૦૦ની ચોરી કરી નાસી ગયાની ફરિયાદ અમરેલી સીટી પોલીસમાં નોંધાય છે.

### પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તા.૩૦ જૂન

## જીલ્લાની આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

### અરજી કરવા ઈચ્છુકોને હેલ્પલાઈન પર સંપર્ક કરવા અનુરોધ

અમરેલી તા. ૨૧

અમરેલી જીલ્લાની તમામ ૧૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ છે. સત્ર વર્ષ–૨૦૨૪ અંતર્ગત વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં હોય તેવા ધો. ૧૦ પાસ તેમજ ધો. ૮ પાસ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવી,પ્રવેશ ફોર્મ ભરવાની અંતીમ તારીખ ૩૦ જૂન, ૨૦૨૪ છે. અમરેલી જીલ્લામાં અમરેલી (૯૪૨૯૦ ૯૮૧૬૮), લાઠી (૯૪૨૯૫ ૫૯૩૪૩), કુંકાવાવ (૯૦૩૩૩ ૪૯૬૦૫), વડિયા (૦૨૭૯૬ ૨૭૩૧૭૦), સાવરકુંડલા (૯૮૯૮૦ ૪૧૬૭૭), ખાંભા (૯૯૨૪૬ ૫૫૦૭૯), રાજુલા (૯૩૭૬૮ ૧૯૪૭૫) અને જાફરાબાદ (૭૫૭૫૦ ૭૦૭૨૫) સહિતના ૧૨ સ્થળોએ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ) કાર્યરત છે. આઈટીઆઈ ખાતે હેલ્પ સેન્ટર હોય, તે હેલ્પલાઈન સેન્ટરનો સંપર્ક કરી ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાની સુવિધા મળી શકે છે. અરજી અને અભ્યાસક્રમ અંગેની વિગતો જાણવા અમરેલી જીલ્લાની કોઈપણ આઈ.ટી.આઈ.નો સંપર્ક કરી શકશે, તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય અને આઈ.ટી.આઈ.નોડલએ એક યાદીમાં જણાવ્યું છે.

### જનભાગીદારી યોજના અંતર્ગત

## અમરેલીનાં સોસાયટી વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ ઉભી કરાશે

### સોસાયટી દ્વારા પાલિકામાં અરજી કરવા અનુરોધ

અમરેલી તા. ૨૧

રાજય સરકાર પ્રેરિત જનભાગીદારી યોજના અન્વયે અમરેલી નગરપાલિકા હદ વિસ્તારમાં વિકસિત થયેલી સોસાયટીઓમાં પાકા રસ્તા, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ વગેરે પ્રાથમિક સુવિધાઓને આવરી લેવામાં આવશે. અમરેલી નગરપાલિકા હદ વિસ્તારમાં વિકસિત થયેલી સોસાયટીઓમાં પાકા રસ્તા, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ વગેરે પ્રાથમિક સુવિધાઓ મળવાની બાકી હોય તેવા વિસ્તારોમાં આ સુવિધા મળી રહે તે માટે સોસાયટી દ્વારા નગરપાલિકાઓને અરજીઓ કરવાની રહે છે. અરજી સાથે અમરેલી નગરપાલિકા કચેરીમાં સોસાયટીના બિનખેતી હુકમ, લે–આઉટ પ્લાન સહિતના દસ્તાવેજોની નકલ, રહીશોને સહી સાથેની અરજી દિન–૨૦માં રજૂ કરવી. આ પ્રક્રિયા પૂર્ણ થયે અમરેલી નગરપાલિકા દ્વારા નિયમ અનુસારની મંજૂરી માટે સરકારને દરખાસ્ત રજૂ કરવામાં આવશે. સંબંધિત જાહેર જનતાને આ યોજનાનો લાભ બહોળા પ્રમાણમાં લેવા માટે અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી તથા ચીફ ઓફિસર હિતેશભાઈ પટેલ દ્વારા એક સંયુકત યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પદે યુવા નેતા મનીષ સંઘાણીની વરણી






અમરેલી જિલ્લા સહકારી સંઘની વ્યવસ્થાપક સમિતિ ની પાંચ વર્ષ માટે ચૂંટણી યોજાય હતી જેમાં મનીષ સંઘાણી, હરજીભાઈ નારોલા, જયંતીભાઈ વઘાસીયા, અઢણભાઈ પટેલ, અનિલભાઈ કસવાળા, જીગ્નેશભાઈ રામાણી, યોગેશભાઈ બારૈયા, લાલજીભાઈ નાકરાણી, અલ્પાબેન રામાણી, સુનિલભાઈ સંઘાણી, ધીઢભાઈ વાળા, શરદભાઈ પંડ્યા, દેવભાઈ વરૂ, નારણભાઈ ધંધુકિયા, બાબુભાઈ હિરપરા, અને માનદમંત્રી ની ચૂંટણી યોજાય હતી જેમાં અધ્યક્ષપદ માટે મનીષ સંઘાણી, ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા અને માનદમંત્રીપદ માટે જયંતિભાઈ વઘાસીયા એ દાવેદારી કરી હતી. જેમાં હરીફ ઉમેદવાર ફોર્મ ન ભરાતા અધ્યક્ષ પદ પર યુવાનેતા મનીષ સંઘાણી, ઉપાધ્યક્ષપદ પર હરજીભાઈ નારોલા અને માનદ મંત્રી પદ જયંતિભાઈ વઘાસીયા બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. ત્યારે જિલ્લા ના રાજકીય આગેવાનો અને સહકારી અગ્રણીઓ અમરેલી જિલ્લા સહકારી સંઘ ની કચેરી ખાતે શુભકામનાઓ પાઠવવા માટે ઉપસ્થિત રહ્યા હતા.




## વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

# અમરેલી પાલિકા ખાતે જુદા–જુદા વાહનોનું લોકાર્પણ કરાયું

**ડોર ટુ ડોર કલેક્શન માટે નવા ખરીદાયેલ વાહનોનું લોકાર્પણ કરવામાં આવ્યું**

**૧૧ વ્હીકલ, રોડ સ્વીપર, ટ્રેક્ટર વીથ ટ્રોલી, રોબોટ જેસીબીનું લોકાર્પણ**

**પાલિકાને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત અંદાજિત ૨ કરોડનાં વાહનોની ફાળવણી**

**પાલિકા સાધનોથી સજ્જ થઈ હોય હવે સ્વચ્છતા અભિયાન વેગવંતુ બનશે**



અમરેલી, તા. ૨૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણ અને શહેરીની પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ' સ્વચ્છ ભારત મિશન – શહેરી ૨.૦' નું લક્ષ્ય, શહેરોને સંપૂર્ણપણે કચરામુક્ત કરવાનું છે. સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ 'સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત' અંતર્ગત અમરેલી સ્થિત નગરપાલિકા પ્રાંગણમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા અને લોકસભા સાંસદ ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં રોડ સ્વીપર, ડોર–ટુ–ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. નાયબ મુખ્ય દંડક વેકરિયા અને વિવિધ

અનુસંધાન પાના ૬ ઉપર

## ખેડૂતોએ રોષભેર રેલી સ્વરૂપે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# ખાંભામાં ખેડૂતની જમીન પચાવી પાડવાની કોશિષ કરનાર ભૂમાફિયાઓ સામે કાર્યવાહી કરવા માંગ

**પોલીસ દ્વારા એક તરફી કાર્યવાહી થતી હોવાનો થયો આક્ષેપ**



તસ્વીર : ભાવીક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨૧

ખાંભા તાલુકામાં અમુક ભૂમાફીયાઓ એક પ્રજાપતિ સમાજના નિર્દોષ ખેડૂતોની જમીનો પડાવવા કબજા વગર દસ્તાવેજો અને કાગળ ઊભા કરી અને જમીન પડાવી પાડવાનો ધંધો ચાલુ કર્યો છે. ત્યારે ખાંભા ગામના ખેડૂત દામજીભાઈ વશરામભાઈ માલણકીયા ખાંભા ગામના ખેડૂત ખાતેદાર હોય અને તેમની જમીન ખાંભામાં આવેલી હોય તેમનો સર્વે નંબર ૪૧ ૬/૨ હે.આરે.ચો.

અનુસંધાન પાના ૬ ઉપર

## સૌભાગ્યવતી સ્ત્રીઓ દ્વારા વડ સાવિત્રી વ્રતની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં સૌભાગ્ય સ્ત્રીઓ દ્વારા અહીં પંચકુંડ શ્રી નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં સૌભાગ્ય સ્ત્રીઓ દ્વારા વડ સાવિત્રીના વ્રતની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરી પતિના નિરોગી દીર્ઘાયુની મંગળ કામના કરવામાં આવી હતી.




## ગેસનાં ચૂલા ઉપર ચા બનાવતી વખતે

# નાની કુંકાવાવમાં ગેસની પાઈપ લીકેજ થતાં 3 વ્યકિતઓ ઈજાગ્રસ્ત બન્યા

અમરેલી, તા. ૨૧

કુંકાવાવ તાલુકાની નાની કુંકાવાવ ગામે રહેતા પરિવાર બપોરના સમયે ગેસના ચુલા ઉપર ચા બનાવવા જતા કોઈ કારણોસર ગેસની નળી લીકેઝ હોવાનો કારણે અચાનક જ અકસ્માતે ભડકો થતા ત્રણ લોકો દાઝી જતા ત્રણેયને સારવાર માટે અત્રેના દવાખાને સારવાર માટે ખસેડાયા છે.

અનુસંધાન પાના ૬ ઉપર



## લાઠીનાં ટોડા ગામની ઘટના

# સસરાએ પુત્રવધુને ગાળો આપી લાકડીનાં ઘા વડે ઈજા કરતાં ફરિયાદ

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૧

લાઠી તાલુકાના ટોડા ગામે રહેતા જસુબેન જેન્તીભાઈ ચારોલીયા નામની મહિલા ગત તા.૧૯ ના બપોરના આશરે સાડા બાર–પોણા એક વાગ્યે પોતાના રહેણાંક ઝુપડે તેના પતિ સાથે હાજર હોય, ત્યારે લાઠી તાલુકાના કેરાળા ગામે રહેતા મહિલાના સસરા લવીંગભાઈ માનસીંગભાઈ ચારોલીયા તથા મંજુબેન મગનભાઈ માથાસુરીયા નામનાં આરોપીઓ મહિલાના પતિની ખબર કાઢવા આવેલ હોય, તે દરમ્યાન

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)